॥ श्रीकृष्णाय नमः ॥ ग्रन्थाङ्क ३१

श्रीमत्प्रभुचरण–श्रीमद्विट्ठलेश्वरविरचितम्
श्रीमदाचार्यचरणस्वरुपनिरूपकञ्च

॥ श्रीमद्वल्लभाष्टकम् ॥

मूल सहित संस्कृत टीकानुसार गुर्जर अनुवाद सहित.

तथाः—

श्रीमद्वल्लभाचार्यविरचित

॥ चतुःश्लोकीग्रन्थ ॥

मूल सहित गुर्जरअनुवाद समेत

अनुवादकः—
सुन्दरलाल मणीलाल
बी. ए. एल. एल. बी. वकील

प्रकाशकः—लल्लुभाइ छगनलाल देसाई
…चीरोड, पतासानी पोळ पासे. नं. …०, मो… उप…
अमदावाद.

संवत १९७१ श्रीवल्लभ …
प्रथमावृत्ति.] मुल्य रु. ०–६–० [… १०००.

… ધી યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડનાં
… મોહનલાલ ચીમનલાલે છાપ્યું.

॥ श्री अष्टाक्षर निरूपण ॥

शुद्ध अने सरळ भाषामां गुजराती टीका.

અષ્ટાક્ષર મહામંત્ર "श्रीकृष्णः शरणं मम:" थी કોઇપણ વૈષ્ણવ અજાણ નથી. આ શ્રી પ્રભુનું શરણ મહામંત્ર છે. તેમાં શ્રીકૃષ્ણના શરણત્વનો ઉપદેશ બતાવેલો છે. સ્વસંપ્રદાયમાં સર્વથી પ્રથમ પ્રભુ સંબંધી દીક્ષા આજ મહામંત્રથી આપવામાં આવે છે. આ આઠ અક્ષરનાજ મંત્ર ઉપર સંસ્કૃતમાં ટીકા કરી શ્રી ગુસાંઇજી-શ્રી વિઠ્ઠલનાથજીએ "અષ્ટાક્ષરવિવૃતિ" એ નામે ગ્રન્થ રચ્યો છે તે ગ્રન્થના આધારે તેમજ વેદ, પુરાણ, શ્રુતિ, સ્મૃતી, સંહિતા, ગીતા આદિ ગ્રન્થોમાં શ્રીકૃષ્ણના શરણનો ઉપદેશ બતાવેલો છે તેના પ્રમાણો સાથે દૃષ્ટાન્તો ને સિદ્ધાન્તોથી સમર્થ પ્રતિપાદન કરેલું છે. અત્યાર પૂર્વે આવા પ્રકારની ટીકા આ ગ્રન્થ ઉપર થયેલી નથી, દરેક વૈષ્ણવે વાંચવાની ખાસ જરૂર છે, ન્યો. રૂ. ૦-૬-૦ છ આના.

रासपञ्चाध्यायी.

મહાનુભાવી ભગવદીય શ્રીનંદદાસજીકૃત ગાવાના રાગમાં.

રાસપંચાધ્યાયી, આ શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધમાં જણાવેલ શ્રીકૃષ્ણ ભગવાને કરેલી રાસક્રીડાનો વર્ણનનું ગાવાના રાગમાં પ. ભ. નંદદાસજીએ વૈષ્ણવો ઉપર કૃપા કરી દાન કર્યું છે. તે મોટા અક્ષરથી છાપવામાં આવ્યું છે. ન્યો ૦-૨-૦ બે આના.

પ્રસ્તાવના.

॥ श्रीमद्विट्ठलेश्वरविरचितं श्रीमद्वल्लभाष्टकंस्तोत्रम् ॥

આ શ્રીવલ્લભાષ્ટક સ્તોત્ર શ્રી ગુસાંઇજીએ રચ્યો છે. એ સ્તોત્રમાં અષ્ટશ્લોક છે. તેથી એ સ્તોત્રને અષ્ટક કહે છે. એ સ્તોત્રમાં શ્રીગુસાંઇજી શ્રીવલ્લભાચાર્યજીનું યથાર્થ સ્વરૂપ પ્રતિપાદન કરી સ્તુતિ કરે છે, તેથી એ સ્તોત્રનું નામ ' શ્રીવલ્લભાષ્ટક ' એવું આપ્યું છે.

શ્રીવલ્લભાષ્ટક સ્તોત્ર પર પ્રથમ વિવરણ " શ્રીવલ્લભ " એટલે શ્રીગુસાંઇજીના ચતુર્થ લાલજી શ્રીગોકુલનાથજીનું ઉપલબ્ધ થાય છે, એ શ્રીગોકુલનાથજીના વિવરણ ઉપર શ્રીપુરૂષોત્તમજીની વિવૃતિ પ્રાપ્ત થાય છે. ત્યારપછી તૃતીય ટીકા શ્રીરઘુનાથજીની શ્રીવલ્લભાષ્ટક ઉપર પ્રાપ્ત થાય છે. ચતુર્થ ટીકા શ્રીગોકુલેશજી ? ની ' ભક્તિરસજલધિ ' એ નામની પ્રાપ્ત થાય છે. આ ચાર ટીકાઓનું નડીઆદના વૈષ્ણવ શેઠ ત્રિભુવનદાસ પિતામ્બરદાસે સંસ્કૃતમાં મુદ્રણ વે. શા. સં. શાસ્ત્રીજી. મગનલાલ ગણપતરામ પાસે કરાવ્યું છે. અત્રે આપેલું ભાષાન્તર તથા વિવેચન એ ચારે ટીકાને અનુસરે છે.

શ્રી પુરૂષોત્તમજીકૃત મંગલાચરણ તથા ઉપોદ્ઘાત.

શ્રીપુરૂષોત્તમજી શ્રીગોકુલનાથજીના વિવરણની વિવૃતિ (સંકલના) કરવાના પ્રારમ્ભમાં નીચેનો શ્લોક મંગલાચરણ કરવામાં ટાંકે છેઃ—

नत्वा श्रीवल्लभाचार्यचरणाब्जरजांस्यहम् ।
तदष्टकीयविवृतेर्भावं वच्मि कृपाबलात् ॥

અથ:—શ્રીવલ્લભાચાર્યજીના ચરણ કમલની રેણુઓને નમન કરી એમના કૃપા બલથી શ્રીવલ્લભાષ્ટકની વિવૃતિનો ભાવ ભાવાર્થ કહીશ.

ઉપોદ્ધાત—શ્રુતિ જેનું શિર છે તે ઉપનિષદ્ એ સર્વ ઉપનિષદમાં પરબ્રહ્મ જ સચ્ચિદાનન્દ રૂપે પરમતત્વ છે એમ વૈયાસ દર્શન (=વ્યાસકૃત બ્રહ્મમીમાંસા)થી સિદ્ધ થાય છે. વિવિધ પ્રકારના પ્રસ્થાનોથી એ પરમતત્વ પરબ્રહ્મનો વિચાર બહુ પ્રકારે કરવામાં આવ્યો છે. જેમકે બ્રહ્મ નિર્વિશેષ છે, સવિશેષ છે, પ્રકૃતિ સમ્બન્ધથી રહિત છે. બ્રહ્મ વિષ્ણુરૂપ છે, શિવરૂપ છે, આ પ્રકારે બ્રહ્મને વિષે વિચારભેદ ચાલી રહ્યો છે. વળી જ્યાં વિષ્ણુરૂપે બ્રહ્મનો વિચાર કરવામાં આવ્યો છે ત્યાં પણ શ્રુતિ પુરાણ વિગેરેથી બ્રહ્મ પુરૂષોત્તમ છે એમજ નિર્ણય કર્યો છે, પરન્તુ બ્રહ્મમાં સચ્ચિદાનન્દ રૂપ શ્રીકૃષ્ણની આકારતા વડે નિર્ણય કરવામાં આવ્યો નથી. તેમજ ફલ વિચારમાં પણ જે ફલનો વિચાર કરવામાં આવ્યો છે તે નિજસ્વરૂપમાં સ્થિતિરૂપે, પુરૂષોત્તમની પ્રાપ્તિ રૂપે વા શિવાદિની પ્રાપ્તિ રૂપે એમ ફલનો વિચાર કર્યો છે.

'ब्रह्मविदाप्नोतिपरम्' અર્થ:—'બ્રહ્મને જાણનાર પરને પામે છે' એ શ્રુતિનું વિવરણ કરતી ઋચ્‌ના ઉત્તરાર્ધમાં જે જે કામ ભોગાત્મક પર પ્રાપ્તિ કહેલી છે તે રૂપે ફલનો વિચાર કર્યો નથી. એ પર પ્રાપ્તિમાં ભક્ત ચતુર બ્રહ્મની સાથે વિવિધ પ્રકારના કામનો ભોગ કરે છે. ભોગ કરનાર ભક્ત કામભોગમાં પ્રધાનમુખ્ય થાય છે અને ચતુર બ્રહ્મ ગૌણ થાય છે. વિવરણ કરનારી ઋક્‌માં જે આવી કામભોગાત્મક પર પ્રાપ્તિ કહી છે તે રૂપે ફલનો વિચાર કરવો જોઇએ છતાં તેવો વિચાર (શ્રીવલ્લભાચાર્યજીથી પુર્વના આચાર્યોએ) કર્યો નથી

તેથી શ્રીઅગ્નિસ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજી પ્રાદુર્ભૂત થયા એમ પ્રથમ શ્લોકનું સ્વારસ્ય પોતે સૂચવે છે.

'**ब्रह्मविदाप्नोतिपरम**'—અર્થ:-બ્રહ્મને જાણનાર પરને પ્રાપ્ત કરે છે. આ શ્રુતિના પ્રત્યેક શબ્દનું વિવેચન, નીચેની ઋચ્ કરે છેઃ-બ્રહ્મ કેવું ? તો કહે છે કે '**सत्यं ज्ञानमनन्तम् ब्रह्म ।** અર્થ:-બ્રહ્મ સત્ય, જ્ઞાન તથા અનન્ત છે.' તે બ્રહ્મને જાણનાર કોણ હોય છે ? તો કહે છે કે જે, બ્રહ્મને ગુહાને વિષે અર્થાત્ પરમ વ્યોમરૂપ હૃદયાકાશમાં સ્થાપિત થયલું જાણે છે-**यो वेद निहितं गुहायाम् परमे व्योमन्**-તે **ब्रह्मवित्** કહેવાય છે. તે બ્રહ્મવિત્ પરને પ્રાપ્ત કરે છે એટલે શું ? તો વધુ વિવેચન ઋચ્ કરે છે કે '**सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चितो**' તે બ્રહ્મવિત્ ચતુર બ્રહ્મની સાથે વિવિધ પ્રકારના સર્વ કામોનો ઉપભોગ કરે છે.' આ પ્રકારે વિવરણ ઋચાથી બ્રહ્મજ્ઞાન એ સાધન પ્રથમ કક્ષાનું ઠરે છે અને પર પ્રાપ્તિ-પુરૂષોત્તમ પ્રાપ્તિ-ચતુર બ્રહ્મની સાથે કામોપભોગ એ ફલ સિદ્ધ થાય છે. આવી રીતે ફલનો વિચાર થવો જોઇતો હતો. છતાં તે વિચાર શ્રી વલ્લભાચાર્યજી વિના કોઇએ કર્યો નથી. અને તેથી શ્રી વલ્લભાચાર્યજી પ્રકટ થયા. અને પોતે 'બ્રહ્મજ્ઞાનમાં ફલનું પર્યવસાન થતું નથી પણ રસાત્મક પુરૂષોત્તમ શ્રી કૃષ્ણની પ્રાપ્તિ-શ્રી કૃષ્ણની સાથે કામોપભોગ-કરવામાં વાસ્તવિક ફલ રહ્યું છે' એમ પ્રતિપાદન કર્યું.

વ્યાસચરણે વેદનો વિસ્તાર કરે એવા ગ્રન્થો, પુરાણો તેમજ વેદના સર્વ અર્થનો પ્રકાશ કરનારા ભારત, જિજ્ઞાસૂત્ર (બ્રહ્મસૂત્રો) રચ્યાં. તો પણ પોતે સર્વ પ્રકારે સન્તુષ્ટ ન થયા. ત્યારે પોતે નાર-

દના ઉપદેશથી સમાધિમાં અનુભવ કરી ભક્તિને ઉત્પન્ન કરે એવું સંહિતારૂપ શ્રીમદ્‌ભાગવત પ્રકટ કર્યું અને તેનો પાઠ શ્રી શુકદેવજીને જ્યારે પોતે કરાવ્યો ત્યારે એમના ચિત્તની ગ્લાનિ દૂર થઇ અને એમનું હૃદય પ્રફુલ્લિત થયું.

આ પ્રકારે શ્રીમદ્‌ભાગવત પ્રકટ થયું. શ્રીમદ્‌ભાગવત વેદરૂપ કલ્પ વૃક્ષનું ફલ છે. એ ફલનો આસ્વાદ થાય ત્યારે જ ફલની પ્રાપ્તિ થઇ કહેવાય. શ્રીમદ્‌ભાગવત ફલરૂપ છે અને તેનો આસ્વાદ થઇ શકે છે એમ શ્રી વલ્લભાચાર્યજીએ, શ્રી સુબોધિનીજી નામનો અમૂલ્ય ગ્રન્થ રચી સિદ્ધ કરી આપ્યું છે. શ્રી સુબોધિનીજીનું અનેકશઃ શ્રવણ કરવાથી તથા કથન કરવાથી શ્રીમદ્ ભાગવત રૂપ કલ્પ વૃક્ષના ફલનો આસ્વાદ થયા કરે છે.

આ પ્રકારે શ્રી પુરૂષોત્તમજી પ્રથમ શ્લોકના ઉપોદ્ઘાતમાં જ શ્રી વલ્લભાચાર્યજીના પ્રાકટયનું સૂચન કરે છે.

વળી શ્રીમદ્ ભાગવતમાં '**कृष्णस्तु भगवान्स्वयम्**' 'કૃષ્ણ તો પોતે ભગવાન્ છે' એમ સૂતના કહેવા પ્રમાણે પ્રતિજ્ઞા કરીને દશમ તથા એકાદશ સ્કન્ધમાં તે જ રૂપમાં (કૃષ્ણના જ રૂપમાં) પરબ્રહ્મત્વનો બોધ કર્યો. એકાદશ સ્કન્ધમાં કહ્યું છે કે:—

अथैतत्परमं गुह्यं शृण्वतो यदुनन्दन ।
सुगोप्यमपि वक्ष्यामि त्वं मे भृत्यः सुहृत् सखा ॥

હે યદુનન્દન! તું જે આ પરમ ગુહ્ય જ્ઞાનનું શ્રવણ કર્યા કરે છે તેને, હું હવે સારી રીતે જેનું ગોપન કરવાનું છે અર્થાત્ જે સારી રીતે ગુપ્ત રાખવાનું છે એવા પરમ તત્ત્વનું કારણ કે તું મ્હારો કિંકર

છે, મિત્ર છે, સુહૃત્ છે.' એ શ્લોકમાં આરમ્ભ કરીને અન્તે નીચેના શ્લોક આપ્યા છેઃ—

तस्मात्त्वमुद्धवोत्सृज्य नोदनां प्रतिनोदनां
प्रवृत्तिं च निवृत्तिं च श्रोतव्यं श्रुतमेवच ।
मामेकमेव शरणमात्मानं सर्व देहिनां
याहि सर्वात्मभावेन यास्यसे ह्यकुतोभयम् ॥

અર્થ:—તેથી હે ઉદ્ધવ! તું વિધિ તથા નિષેધ, પ્રવૃત્તિ તેમજ નિવૃત્તિ, શ્રોતવ્ય તથા શ્રુત–એ સર્વનો ત્યાગ કરી તું સર્વ દેહિના આત્મા એવા મ્હને એકલાને જ શરણુ આવ! સર્વાત્મભાવવડે તું કોઇ પણ દિશાથી ભય રહિત એવા સ્થાનને પ્રાપ્ત થઇશ.

આ અન્ત વાક્યથી સિદ્ધ થતો એવો વ્રજભક્તોની રીતિ પ્રમાણેનો જે સર્વાત્મ ભાવ છે તે ભાવને સાધન તરીકે બતાવ્યો છે. તેમજ એ સાધનથી પ્રાપ્ત થતાં ફલનો જ ફલ તરીકે બોધ કર્યો છે, તેથી વ્યાસચરણનો પણ આ જ આશય છે. એ આશય જો કોઇના પણ જાણવામાં આવ્યો હોત તો તે પ્રકટ કરવામાં આવત પણ પ્રકટ થયો નથી. 'કૃષ્ણ સ્વયં ભગવાન્ છે. સર્વાત્મભાવજ સાધન છે. શ્રી કૃષ્ણનું જ શરણુ કર્તવ્ય છે' ઇત્યાદિ–જે આ આશય છે તે જો પ્રકટ ન થાય તો '**असाधनं साधनं करोति**' અર્થાત્ 'અસાધનને સાધન કરે છે' એમાં દર્શાવેલો ભગવદનુભાવ પ્રકટ થતો નથી.

આ ઉદ્દેશથી પૂર્વોક્ત ભગવાને સ્વાનુભાવ પ્રકટ કરવા શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને આજ્ઞા આપી પ્રકટ કર્યા. ઉપર જે ફલ બતાવ્યું તે અનધિકારીને દુર્લભ છે, તે ફલ મન્દ તથા મધ્યમ અધિકારીઓને અસત્સંગાદ દોષને લીધે પ્રાપ્ત થતું નથી અને તેથી તેવાઓને જ

સન્દેહ થાય છે. અન્તર્યામિ બ્રાહ્મણમાં **यस्यात्मा शरिरम्**-- અર્થાત્ જે '(પરબ્રહ્મ)નું આત્મા શરીર છે ' એ શ્રુતિવડે જીવાત્મ માત્ર ભગવાનનું શરીર છે એમ શ્રવણ થાય છે. છતાં એકાદશસ્કંધમાં કહ્યું છે કેઃ—

योऽन्तर्बहिस्तनुभृतामशुभं विधुन्वन्नाचार्य
चैत्यवपुषा स्वगतिं व्यनक्ति ।

અર્થાત્ જે અન્તઃ તથા બહારથી દેહીઓના અશુભ ખંખેરી નાખી આચાર્ય ચૈત્ય શરીરથી નિજગતિ પ્રકટ કરી છે. એ શ્લોકમાં આચાર્યચૈત્યના વપુઃ-શરીરનું સ્પષ્ટ કથન છે. તેમજ શ્વેતાશ્વતરોપનિષદ્‌માં એવો મંત્ર છે કેઃ—

यस्य देवे पराभक्तिः यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥

અર્થઃ—જેને દેવમાં પરા ભક્તિ છે અને જેવી તેની દેવમાં ભક્તિ છે તેવીજ ગુરૂને વિષે જેની પરા ભક્તિ છે, તેવા મહાત્માને આ કહેલા અર્થોનો પ્રકાશ થાય છે ' આ મન્ત્રમાં દેવભક્તિ તથા ગુરૂભક્તિના સામ્ય (સરખાપણા) નું શ્રવણ થાય છે. આથી સિદ્ધ થાય છે કે જીવ માત્રને વિષે પરબ્રહ્મની ભોક્તૃરૂપે સ્થિતિ છે પણ આચાર્યચૈત્યને વિષે તનુભૃત-દેહીઓના અન્તઃ તથા બહારના અશુભ દૂર કરી શકે એવા સામર્થ્ય (પૂર્વક) સહિત સ્થિતિ છે. **वपुः** શબ્દની વ્યુત્પત્તિ **वं सुखं पुष्णाति** એમ થાયછે. વ એટલે સુખ, અને સુખનું પોષણ કરનાર તે વપુઃ એમ આચાર્ય ચૈત્યનો વપુઃ સુખનું પોષણ કરવું-એ (ધર્મ) સ્પષ્ટ પ્રતીત થાય છે. આ પ્રકારે ગુરૂભક્તિ-આચાર્ય વિષેની ભક્તિ દેવભક્તિ સમાન હોવી જોઇએ. અને એમ થાય તોજ

સ્પષ્ટ અર્થનો પ્રકાશ થાય. આચાર્ય જ સુખનું પોષણ કરનારા છે. એમ છે તો શ્રીમદાચાર્યજીને વિષે ભગવત્ સ્થિતિ કેવા પ્રકારની છે? તે વિષે સન્દેહ થાય એ સ્વાભાવિક છે.

ત્યારે ભગવાનની સ્થિતિ જેમ અન્ય આચાર્યને વિષે આવેશ-રૂપ છે તેમજ શ્રીમદાચાર્યજી મહાપ્રભુજીને વિષે છે? કે દશમસ્કન્ધમાં નલકૂબરના વાક્યમાં કહેલું માર્ગ પ્રકટ કરવા રૂપી વીર્યથી સિદ્ધ થતું અવતારત્વ છે? શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને વિષે ભગવત્ સ્થિતિ અવતાર રૂપ છે એમ કહો તો પણ એ અવતારત્વ, જેવું શેષ રૂપ રામાનુજાચાર્ય, તેમજ આ અન્યાદિ રૂપ મધ્વાચાર્યાદિને વિષે છે તેવું છે? કે શ્રીઆચાર્યજીના વિષેના અવતારત્વમાં કંઈક વિશેષ છે? આવો સન્દેહ ઉપસ્થિત થાય છે અને જો આ સન્દેહનું નિરાકરણ થાય નહિ તો '**संशयात्मा विनश्यति**' સંશયયુક્ત આત્માનો વિનાશ થાય છે, એ વાક્ય પ્રમાણે તેમજ ઉત્કૃષ્ટ ગુરૂભક્તિ ન હોવાથી શ્રીમદાચાર્યોક્ત અર્થનો પ્રકાશ થતો નથી, અને તેવા જીવો કૃતાર્થ થતા નથી. એવા જીવોને શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના યથાર્થ સ્વરૂપનું પરિચાયન (ઓરખાણ) કરાવી એમના સન્દેહનું નિરાકરણ કરવા શ્રીમત્પ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજીએ આ શ્રીવલ્લભાષ્ટક સ્તોત્ર રચ્યો છે. શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના યથાર્થ સ્વરૂપનો બોધ કરતો એવો આ શ્રીવલ્લભાષ્ટક સ્તોત્ર આધુનિક જીવોથી વ્યાખ્યાન વિના સમજી શકાય એવો નથી. તેથી શ્રીગોકુલનાથજી આદિ મહાનુભાવી ગોસ્વામીશ્રીએ જીવો પર કૃપા કરી, એ સ્તોત્ર પર વ્યાખ્યાનો કર્યા છે.

નારાયણ દેહરાની ખડકી, ભરૂચ. માગશીર્ષ શુક્લ ૨. સંવત્ ૧૯૭૯	લી. દાસાનુદાસ. સુન્દરલાલ મણીલાલ વકીલ, બી. એ. એલ. એલ. બી. વકીલના સપ્રેમ ભગવત્સ્મરણ.

૮૪ વૈષ્ણવની વાર્તા. (આવૃત્તિ ૨ જી.)

આ ચોરાશી વૈષ્ણવની વાર્તા અમોએ વ્રજભાષા ઉપરથી ગુજરાતી ભાષામાં (**અક્ષર આ લાઇન જેવડાજ મોટા**) મોટા અક્ષરથી છપાવી છે. તેમજ તેમાં ઘણા પ્રાચીન ગ્રન્થો જેવા કે:—શ્રીવલ્લભચરિત્ર, ભાવસિન્ધુ, પંચામૃત, કીર્તન રત્નાકર, ષોડશગ્રન્થો, શિક્ષાપત્ર, ભગવદ્ ગીતા વગેરે ગ્રન્થોમાંથી શોધખોળ કરી કેટલી ઐતિહાસીક હકીકત દ્રષ્ટાન્તો તેમજ તે વૈષ્ણવો માટેની આપેલી વાર્તાની વધુ હકીકત દાખલ કરી છે જેથી અત્યાર સુધીમાં આવી વાર્તાનું પુસ્તક કોઈ પણ ઠેકાણે જોવામાં આવ્યું નથી તેવું છે. આ વાર્તા માટે અમોએ ખાસ વ્રજયાત્રા કરી તથા કાઠીયાવાડની મુસાફરી કરી કેટલીક પ્રાચિન હકીકત શોધન કરી દાખલ કરી છે. દરેક વાર્તામાં નવિન હકીકત જોવામાં આવશે. વળી ૮૪ વૈષ્ણવોની જેટલી હકીકત વધુ મળે તેટલી દરેક વૈષ્ણવે જાણવી ઉપયોગી છે, આ ગ્રન્થ જાડા ચીકણા કાગળમાં, મોટા કદના લગભગ ૩૦૦ પૃષ્ટ, શુદ્ધ ખાદીનું પાકું પુઠું કીંમત ફક્ત અઢી રૂપીઆ રાખી છે.

श्रीमट्टजीमहाराज कृत ३२ वचनामृत. (आवृत्ति २जी

આ શ્રીમટ્ટજી મહારાજે વૈષ્ણવોના કલ્યાણને માટે પોતાના સ્વમુખે જીવને શીક્ષાર્થે પરમ કૃપા કરી ૩૨ વચનામૃત બનાવ્યાં છે. આ પુસ્તક અત્યાર સુધી અપ્રગટીત હતું તે મહાન્ પરિશ્રમે શોધી લાવી શુદ્ધ કરી છપાવ્યું છે. વળી મહારાજશ્રીએ ઘણા છપ્પન ભોગ કર્યા છે તે પૈકી શ્રીદ્વારકાના છપ્પનભોગના વર્ણનનું ધોળ ગાવાના રાગમાં બનાવ્યું છે તે તથા મહારાજશ્રીએ કરેલાં દિનતા આશ્રયનાં ૭૫ પદનો સંગ્રહ પણ આપ્યો છે. આવું અપ્રગટીત સાહિત્ય વૈષ્ણવોના કરકમલમાં મુકવાથી અલભ્ય લાભ સમજી તાકીદે ખરીદવું જોઈએ. કીંમત માત્ર રૂા. ૦—૬—૦

॥ श्रीकृष्णाय नमः ॥

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

॥ अथश्रीमद्विठ्ठलेश्वरविरचितं ॥

॥ श्रीमद्वल्लभाष्टकम् ॥

श्रीमद्वृन्दावनेन्दुप्रकटितरसिकानन्दसन्दोहरूप-
स्फूर्जद्रासादिलीलामृतजलधिभराक्रान्तसर्वोऽपिशश्वत्
तस्यैवात्मानुभावप्रकटनहृदयस्या ज्ञयाप्रादुरासीद् ।
भूमौ यःसन्मनुष्याकृतिरति करुणस्तं प्रपद्ये हुताशम् १

ભાવાર્થઃ—શ્રીમદ્વૃન્દાવનચન્દ્રે અર્થાત્ સાક્ષાત્ રસાત્મક પુરૂષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્રે, રસિક—અન્તરંગ ભકતોને વિષે જે આનન્દનો સમૂહ પ્રકટ કર્યો, તે આન્દના સન્દોહ સ્વરૂપ પોતે શ્રીઆચાર્યજીમહાપ્રભુજી છે. રાસાદિલીલાના જે અમૃત સમુદ્રો સ્ફુરી રહ્યા છે તેના ભારથી—આધિકયથી સદા સર્વદા

શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સર્વ દેહ, ઇન્દ્રિય, પ્રાણ તથા અન્તઃકરણાદિ આક્રાન્ત થઈ રહ્યા છે અર્થાત્ ઉછળી રહ્યાંછે.

ભગવાન્નો અસાધારણ લીલા કરવારૂપી જે પોતાનો આત્માનુભાવ છે, તે ભલે પ્રકટ થાય એવી ઇચ્છાવાલા પ્રભુની આજ્ઞાર્થાં શ્રી આચાર્યજી મહાપ્રભુજી અતિક્રરૂણ થઈ સન્મનુષ્યાકૃતિરૂપે ભૂતલ ઉપર પ્રાદુર્ભાવ પામ્યા. એવા અગ્નિસ્વરૂપ શ્રી આચાર્યજી મહાપ્રભુજીને હું શરણ જાઉં છું. (૧)

વિવેચનઃ—શ્રી ગોકુલનાથજી આ સ્તોત્રની વિવૃતિ કરતા પહેલાં નિજપિતૃચરણ શ્રીગુસાંઇજીને નમન કરી પ્રથમ શ્લોકને ઉતારવા સન્દેહ ઉપસ્થિત કરે છે.

શ્રી વલ્લભાચાર્યજીનું સ્વરૂપ, એમના ધર્મો, તથા એમના તદીયો ઉત્તમ સેવકો—એ સર્વ અલૌકિક છે. એવા અલૌાકક ધર્મ તથા સ્વરૂપવાળા શ્રી આચાર્યજીનાં જન્માદિ લોકોને વિષે સમ્ભવે નહિ. છતાં જન્માદિ પ્રતીત તો થાય છે. તેથી મન્દમધ્યમ એવા તદીયોને સન્દેહ થાય તો પિતૃચરણ શ્રી ગુસાંઇજી એમના સન્દેહનું નિરાકરણ કરવા કહે છે કે શ્રીઆચાર્યજી મહાપ્રભુજીને વિષે ઇતર સાધારણ પ્રાકૃત મનુષ્યોના જેવાં જન્માદિની કલ્પના કરવી નહિ.

શ્રી આચાર્યજી મહાપ્રભુજીનો તો **પ્રાદુર્ભાવ** થયો છે. અર્થાત્ એમનું પ્રાકટ્ય થયું છે. તે પ્રાકટ્ય પણ અસાધારણ કાર્ય કરવાને અર્થેજ થયું છે. એમના સ્વરૂપના ધર્મો પણ અસાધારણ છે, શ્રી આચાર્યજીના સ્વરૂપાદિનું વર્ણન આ પ્રથમ શ્લોકથી **श्रीमद्वृन्दावनेन्दु**-થી કરે છે.

હવે વૃન્દાવન **શ્રીમત્** છે એમ કહેવાનું તાત્પર્ય એ છે કે અન્ય-વનોમાં શ્રીમત્ત્વનો અભાવ છે, જ્યારે વૃન્દાવન એવું તો સુન્દર છે કે ઇતર સર્વ વનથી એ વિલક્ષણ છે. કદાચ એમ કહેવામાં આવે કે, અન્યવનોમાં શ્રીમત્ત્વ અર્થાત્ શોભાયમાનપણું છે તો પણ વૃન્દાવનની વિલક્ષણતા જતી નથી. કારણ કે, વૃન્દાવનમાં તો નિરન્તર [1]લક્ષ્મીજી સાક્ષાત્ નિવાસ કરી રહ્યાં છે. આ પ્રકારે વૃન્દાવનની અન્યવનો સાથે તૂલના થઇ શકે નહિ. વૃન્દાવન અલૌકિક છે, અન્યવનો લૌકિક છે એમાં કારણ શું? તો કહે છે કે જેમ લૌકિક [2]વનનો અધિપતિ લૌકિકચન્દ્ર છે અને તે જેમ પોતાના વનને અમૃતના બિન્દુથી સિંચે છે અને તેને પ્રસન્ન રાખે છે તેમ અત્ર વૃન્દાવનનો કોઇ લૌકિકચન્દ્ર અધિપતિ નથી. વૃન્દાવનના ચન્દ્ર તો સાક્ષાત્ રસાત્મક પુરૂષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્ર છે અને તે પોતે જ એ વનના આહ્લાદક–આનન્દદાયક છે, મૂલશ્લોકમાં **इन्दु** શબ્દથી એવું સૂચન થાય છે કે શ્રી કૃષ્ણચન્દ્ર પોતે એ વનમાં સર્વત્ર વેણુનાદદ્વારા નિજ સ્વરૂપામૃતનો પ્રવેશ કરાવી એ વનને આર્દ્ર આર્દ્ર કરી દે છે. **इन्दु** એ શબ્દમાં **उन्द्** ધાતુ છે અને એ **उन्द्** ધાતુનો અર્થ 'ભીંજવવું' 'ક્લેદન' એવો થાય છે. આ ધાતુ અર્થ તપાસતાં પણ ઉપર કહેલા સ્વરૂપામૃતથી વનને આર્દ્ર કરવું–ભીંજવવું–એ અર્થને પુષ્ટિ મળે છે. આ પ્રકારે વૃન્દાવનને વિષે

---

૧ **श्रयत इन्दिरा शश्वदत्र हि॥** (**श्रीभागवत. स्कं. द. पू. गोपिकागीत**)માં કહ્યું છે કે:–અત્ર વૃન્દાવનમાં લક્ષ્મીજી નિરન્તર આશ્રય લેછે.

૨ **सोम औषधीनामधिपतिः** અર્થ:–" ચન્દ્ર વનસ્પતિનો અધિપતિ છે." એમ શ્રુતિ છે.

ભગવાન્‌નું અધિપતિત્વ છે તેથી પણ વૃન્દાવનનું મહત્ વૈલક્ષણ્ય સિદ્ધ થાય છે.

એવા વૃન્દાવનચંદ્રે રસિક કહેતાં અન્તરઙ્ગ ભક્તોને વિષે જે આનન્દ સન્દોહ પ્રકટ કર્યો તે આનન્દના સમૂહરૂપે પોતે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી છે. રાસાદિલીલારૂપ અમૃતના સમુદ્રો છે લીલારૂપી અમૃતના માધુર્યનું પાન એ લીલામાં પ્રવેશ કરનારાજ કરી શકે છે. લીલારૂપી સમુદ્ર અગાધ છે અને તેથી તેમાં તરઙ્ગો આવે છે, જેમ મહાસાગરમાં ઉત્તરોત્તર તરંગો અધિક થાય છે તેમ આ લીલારૂપી સમુદ્રોમાં ઉત્તરોત્તર રસભાવો અધિક થાય છે. એવા સમુદ્રોના ભારથી–આધિક્યથી શ્રી આચાર્યજીના સર્વ દેહ, ઇન્દ્રિય, પ્રાણ તથા અન્તઃકરણાદિ નિરન્તર ઉચ્છાલત થઇ રહ્યાં છે. આ પ્રકારે શ્રી આચાર્યજીના બાહ્ય તથા આન્તર ધર્મોનું નિરૂપણ કર્યું. એવા શ્રી આચાર્યજીના ઇતરજન સમાન જન્મા દક સમ્ભવતાં નથી તેથીજ એમનો પ્રાદુર્ભાવ થયો એમ શ્લોકમાં કહ્યું છે. એમનું પ્રાકટ્ય પણ થાય નહિ તો પણ ભગવદિચ્છાને અધીન થઈ પોતે પ્રાદુર્ભૂત થયા.

ભગવદાજ્ઞા શું થઈ? તો કહે છે કે ભગવાન્‌નો આત્માનુભાવ અસાધારણ લીલા કરવાનોછે. એવો પોતાનો અનુભાવ ભલે લોકોમાં પ્રકટ થાય એવી ઇચ્છા ભગવાન્‌ને થઇ. ત્યારે (પ્રભુએ પોતે શ્રીઆચાર્યજી મહા પ્રભુજીને આજ્ઞા કરી કે તમે ભૂતલ પર પ્રકટ થઇ એ કાર્ય કરો. શ્રીઆચાર્યજીને જ આ આજ્ઞા કેમ થઇ? એમ પ્રશ્ન થયો તો ઉત્તર આપે છે કે, આજ્ઞા આત્માનુભાવ પ્રકટ કરવા થઇ હતી. આત્માનુભાવ લીલાત્મક હોઇ એ ભાવો કેવલ અનુભવથી જણાય એવા હોય છે. અને તેથી લીલામાં પડેલા (ભક્તો) જ તેમને સમજી

શકે છે. લીલામાં નહિ પડેલા એવા ભક્તથી પણ તે ભાવો જણાતા નથી. અને તેથી શ્રીઆચાર્યજી પોતે લીલાન્તઃ પાતી હોઇ એમને જ આજ્ઞા થઇ. प्रादुरासीत्—એ પદથી એમ સૂચન થાય છે કે એમના સ્વરૂપથી અજ્ઞાત્ એવા જીવોનો જ શ્રીઆચાર્યજીને વિષે લૌકિક સાધારણ ધર્મોની સ્ફુર્તિ થાય છે. વસ્તુતઃ તો એમને પ્રાદુર્ભાવ જ થયો કારણ કે એમનું સ્વરૂપ જ અલૌકિક છે. વળી શ્રી મહાપ્રભુજીની આકૃતિ સન્મનુષ્યના જેવી હોય છે કારણ કે જો એમ સર્વ પ્રકારે ઉત્કૃષ્ટ આકૃતિ એમની ન હોય તો ભક્તોની સન્તોષપૂર્વક પ્રવૃત્તિ થાય નહિ, શ્રી આચાર્યજી એવા અતિકરૂણ છે કે જીવનો ઉદ્ધાર કરતી વખતે જીવ સ્વભાવને પરાવૃત્ત કરવાનો–નિવૃત્ત કરવાનો–અતિશય શ્રમ પણ પોતે સહન કરી લે છે. શ્રી આચાર્યજી પોતે અગ્નિસ્વરૂપ છે એમ हुताशम् પદથી સૂચવાય છે, એ અગ્નિ પણ સાધારણ લૌકિક અગ્નિ નથી પરન્તુ ભગવન્મુખારવિન્દનો અધિષ્ઠાતારૂપ અલૌકિક આધિદૈવિક તથા આનન્દમય એવો અગ્નિ એમને વિષે છે. આ પ્રકારે એમનું સ્વરૂપ સમજી શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં જે ગુરૂભક્તિ દર્શાવી છે તે સિદ્ધ કરવા જીવોએ એમને શરણે જવું. (જુઓ ઉપોદ્‌ઘાત)

શ્રીરઘુનાથજી વિશેષમાં નીચે પ્રમાણે વિવેચન કરે છેઃ–

'विक्रिडितं व्रजवधुभिः—એ શ્રીમદ્ ભાગવતના રાસપંચાધ્યાયીના શ્લોકમાં રાસક્રિડાદિજનિત એવો જે પોતાનો અનુભાવ તેનું વ્યક્તીકરણ–પ્રાકટ્ય કરવાની આજ્ઞા પ્રભુએ શ્રી આચાર્યજીને જ કરી કારણ કે વાક્પતિ વૈશ્વાનર એવો જે અગ્નિ છે તેના વિના અન્ય કોઇ રાસાદિલીલાનું વર્ણન કરવા સમર્થ નથી. શ્રીઆચાર્યજી મહાપ્રભુજી

પોતે ભગવન્મુખારવિન્દના અધિષ્ઠાતૃરૂપ અગ્નિ સ્વરૂપ છે, અને તેથી એમને જ ભૂતલ પર પ્રકટ થવા આજ્ઞા થઇ. ત્યારે પોતે સન્મનુષ્ય કહેતાં સારા બ્રાહ્મણના સત્કુલમાં અવતાર લીધો. અગ્નિત્વ હોય તો રસસમુદ્રનો સમ્બન્ધ વિરૂદ્ધ થાય એમ પણ ન કહેવાય કારણ કે અલૌકિકપણાને લીધે વડવાનલની માફક અવિરોધ સિદ્ધ થાય છે.

જેમ વડવાનળ તથા સમુદ્રનો જલ સમૂહ—એ ઉભય એકી વખતે સાથે અવિરૂદ્ધ પ્રકારે સ્થિતિ કરે છે તેમ શ્રી આચાર્યજી મહાપ્રભુજીને વિષે પણ અલૌકિક અગ્નિત્વ તથા રસસમૂહ કોઇ પણ પ્રકારના વિરોધ વિના યુગપત્—એકીવખતે સ્થિતિ કરી રહ્યાં છે. શ્રી મહાપ્રભુને વિષે વિરૂદ્ધધર્માશ્રયત્વથી આ ઘટી શકે છે.

શ્રી આચાર્યજી મહાપ્રભુજી પોતે અગ્નિ સ્વરૂપ છે અને ભગવાને જ કૃપા પૂર્ણ થઈ એમને શ્રીમદ્ ભાગવતના અર્થનું વિવેચન કરવા આજ્ઞા કરી એ વાત પ્રથમ સ્કન્ધના શ્રી સુબોધિનીજીના પ્રારમ્ભની કારિકાથી પણ સિદ્ધ થાય છે. ત્યાં આપશ્રી કહે છેઃ—

अर्थं तस्य विवेचितुं न हि विभुर्वैश्वानराद्वाक्पते-
रन्यस्तत्र विधाय मानुषतनुं मां व्यासवच्छ्रीपतिः ।
दत्त्वाज्ञां च कृपावलोकनपटुर्यस्मादतोऽहं मुदा
गूढार्थं प्रकटीकरोमि बहुधा व्यासस्य विष्णोः प्रियम् ॥

અર્થ:—તે શ્રીમદ્ ભાગવતના અર્થનું વિવેચન કરવા વૈશ્વાનર વાક્પતિ વિના અન્ય કોઇ સમર્થ નથી. તેથી મ્હને માનુષશરીરયુક્ત કરી, કૃપાદૃષ્ટિ કરવામાં ચતુર એવા શ્રીપતિએ વ્યાસવત્ મ્હને આજ્ઞા આપી. અને તેથી જ હું આનન્દથી શ્રીમદ્ ભાગવતનો ગૂઢ અર્થ જે વ્યાસને તથા વિષ્ણુને પ્રિય છે તે પ્રકટ કરીશ.

એક બીજા ટીકાકાર વિવેચન કંઇક જુદેજ પ્રકારે આપે છે:- શ્રી વલ્લભાષ્ટકમાં અષ્ટ શ્લોક છે. તેમાં પ્રથમ એ શ્લોકથી ધર્મીનું અને અન્ય ૭ શ્લોકથી ષડ્ ધર્મનું નિરૂપણ કરવામાં આવે છે. ધર્મિ રસરૂપ છે. અને રસના બે દલ હોય છે. એક સંયોગ રસરૂપ પુંભાવાત્મક દલ અને બીજું સ્ત્રીભાવાત્મક વિપ્રયોગ રસાત્મક દલ. પ્રથમ શ્લોકમાં પુંભાવાત્મક રસરૂપ દલથી ધર્મિનું કથન પ્રથમ શ્લોકમાં છે. વૃન્દા શ્રી અને તેના વનનો ઇન્દુ તે વૃન્દાવનેન્દુ. એ વૃન્દાવનેન્દુ શ્રીમાન્ છે એટલે અલૌકિક ભગવદ્રમણની શોભાવાળો છે. એવા શ્રીસુખાત્મક વૃન્દાવનેન્દુથી ભગવદર્થે જે આનન્દનો સાર પ્રકટ થયો તે આનન્દનો સારરૂપ રાસાદિ લીલાત્મક અમૃતનો સમુદ્ર છે. તેમાં જે અલૌકિક જીવ પડયા તેમનાથી આચાર્યશ્રીનું સર્વ સ્વરૂપ સર્વતઃ સેવ્યમાન છે. આત્માનુભાવ એટલે શ્રીમદાચાર્યજીનો નિવેદન મન્ત્રાર્થની આધિદૈવિક શક્તિરૂપે સ્વાત્મામાં પ્રવેશ થવો. એ આત્માનુભાવ રમણરૂપ છે. અને તે પ્રકટ કરવાની રસરૂપ આજ્ઞા પ્રભુએ શ્રી આચાર્યજીને કરી. પોતે અતિકરૂણ છે તેથી વૃન્દાવન પર જ પ્રકટ ન થતાં ભૂમિ પર પ્રકટ થયા એમ કહ્યું, અને તે પણ જીવોને સ્વરૂપરસનું દાન કરવાના અર્થે. શ્રી આચાર્યજી પોતે એવા અતિ કૃપાલુ છે કે હુત=લૌકિક સ્વરૂપને ભસ્મીભૂત કરે છે. એમ **હુતાશ** પદથી સૂચવાય છે. **હુતાશ** પદથી શ્રી આચાર્યજીનું સ્વરૂપ વિપ્રયોગ તાપાત્મક છે એવો પણ અર્થ નીકળી શકે છે.

ભગવન્મિલનને અર્થે તાપક્લેશની આવશ્યકતા છે. તેથી તાપાત્મક સ્વરૂપ એવા શ્રી આચાર્યજીને શરણ જવાથી શરણાગત જીવને તાપક્લેશનું પણ દાન થાય એ સ્વાભાવિક છે તેથી શ્રી ગુસાંઇજી પોતે

કહે છે કે, 'હું એમને શરણુ જાઉં છું.' આમ છે તો આપણે એટલે આ સ્તોત્રના પાઠ કરનારાઓએ તો અવશ્ય શ્રી આચાર્યજીને શરણુ જવું જોઇએ. (૧)

नाविर्भूयाद्भवांश्चेदधिधरणितलं भूतनाथोदितास-
न्मार्गध्वान्तान्धतुल्यानिगमपथगतौदेवसर्गेऽपिजाताः
घोषाधीशं तदेमे कथमपि मनुजाः प्राप्नुयुर्नैव दैवी ।
सृष्टिर्व्यर्था च भूयान्निजफलरहिता देव वैश्वानरैषा २

ભાવાર્થઃ—હે વૈશ્વાનર-અગ્નિસ્વરૂપ દેવ ! જો આપ શ્રી ધરણિતલ પર પ્રકટ ન થયા હોત તો, દેવસર્ગમાં પણુ જન્મ પામેલા એવા આ મનુષ્યો, ભૂતનાથ-મહાદેવથી પ્રકટ થયલા પાષણ્ડ માર્ગરૂપ પ્રતિબન્ધથી વેદમાર્ગ ગતિમાં અન્ધતુલ્ય થાત; અને ત્યારે આ મનુષ્યો ઘોષાધીશ-વ્રજાધીશ-નન્દરાજકુમારને શું કોઇ પણુ પ્રકારે પ્રાપ્ત કરી શકત? નહિ જ. એટલું જ નહિ પણુ દૈવીસૃષ્ટિ વ્યર્થ એટલે પોતાના મુખ્ય ફલવિનાની થઈ જાત. (૨)

પ્રથમ શ્લોકમાં આચાર્યશ્રીનું સ્વરૂપ, એમના પ્રાદુર્ભાવમાં નિમિત્ત તથા પ્રાદુર્ભાવનો પ્રકાર કહ્યો. હવે આ શ્લોકમાં એમણે કરેલા અસાધારણુ કાર્યો દર્શાવે છે.

વિવેચનઃ—શ્રીગોકુલનાથજી તથા શ્રીપુરૂષોત્તમજીની ટીકાનુસારઃ—જો આપશ્રી-આચાર્યશ્રીનો આવિર્ભાવ ભૂતલને વિષે ન થયો હોત તો તો શ્લોકમાં દર્શાવેલા બે કાર્યો ન થાત જો કે ભગવન્મુખારવિન્દને વિષે એટલે સ્વાધિકરણ ભગવાનને વિષે આચાર્યશ્રીનો પ્રાદુર્ભાવ સર્વદા છે જ તો પણ ત્યાં સ્થિતિ કરનારાથી ભગવદાજ્ઞાપ્ત કાર્ય થઈ શકતું નથી. જો પોતે ભુમિપર પ્રાદુર્ભૂત થાય તોજ તે કાર્ય થઇ શકે એમ હતું. તેથી મૂળ શ્લોકમાં **અધિધરણિતલમ્** એવું પદ મૂકયું એ બે કાર્ય તે મર્યાદા તથા પુષ્ટિ એમ બે માર્ગના પ્રાપ્ત થતાં ફ્લ છે. હવે કોઇ એમ શંકા કરે કે મર્યાદા માર્ગનું મૂળ તો વેદ છે, અને એ માર્ગના સાધનનો ઉપદેશ તો વેદમાં કર્યો છે, તો પછી તત્સાધ્યફલ મુક્તિનો અભાવ કેમ સમ્ભવે? આ શંકાનું સમાધાન કરે છેઃ-તમારી શંકા સત્ય છે. જો વેદોક્ત પ્રકારે સાધન અને ફ્લનું જ્ઞાન થાય તો તો ફ્લ થાય જ. પણ વેદમાં કહેલા પ્રકારનું જ્ઞાન થતું નથી અને તેથી ફલનો અભાવ થાય છે. વેદોક્ત પ્રકારના જ્ઞાનનો અભાવ કેમ થાય છે તો ઉત્તર આપે છે કે આ પ્રકારેઃ—ફ્લસાધક વેદ વાકયોનો અર્થ સર્વે મનુષ્યોએ પોતપોતાના મતને અનુસરીને કલ્પ્યો. તેથી ફ્લ પણ સ્વસ્વમતાનુસાર અનેક પ્રકારનું તેઓએ કલ્પ્યું અને તેથી મુક્તિ પણ એકરૂપ રહી નહિ. આ પ્રકારે સાધન તથા મુક્તિના પ્રકારમાં ભેદ પડયા. ભૂતનાથ-મહાદેવજીએ મોહક શાસ્ત્રો જેવા કે માયાવાદ, ન્યાય, મીમાંસા વિગેરે પ્રગટ કર્યા તે તે શાસ્ત્રમાં સ્વસ્વમતાનુસાર સાધન તથા ફ્લનું નિરૂપણ થયું અને તેથી સાધન તથા ફ્લનું એક વિધત્વ રહ્યું નહિ. આ વાત નીચે પ્રમાણે સ્પષ્ટ થશેઃ—

'ब्रह्मविद् आप्नोति परम्' ब्रह्मणः सायुज्यं सलोकतामाप्नोति'

અર્થઃ—' બ્રહ્મ વિદ્ પરને પામે છે, 'બ્રહ્મના સાયુજ્ય સાલોક્યને પામે છે.' આ પ્રકારે વેદમાં અનેક શ્રુતિથી જીવનો બ્રહ્મપ્રાપ્તિરૂપ મોક્ષપ્રકાર કહ્યો. તેમજ ગીતામાં પણ '**विशते तदनन्तरम्**' 'ત્યારપછી તે (મ્હારામાં પ્રવેશ કરે છે' એમ ભગવાનેજ શ્રીમુખે જીવની પોતામાં પ્રવેશરૂપ મુક્તિનું કથન કર્યું, અને ઉપર્યુક્ત પરપ્રાપ્તિને સમર્થન કરી. મુક્તિનું આવું લક્ષણ છે તોપણ એની વિરૂદ્ધ માયાવાદાદિ-મતવાળાઓ કલ્પિત જીવનાશને મુક્તિ કહે છે. મુક્તિ તો પુરૂષાર્થ છે. આત્મનાશ કંઇ પુરૂષાર્થ નથી અને તેથી આત્મનાશ મુક્તિ કહેવાય નહિ. આ પ્રકારે એમનો મત વેદ વિરૂદ્ધ છે, અને તેથી અસદ્રુપ છે.

વળી નૈયાયિકોના મત પ્રમાણે ષોડશ પદાર્થનું તત્વજ્ઞાન મુક્તિનું હેતુ છે, તેમ જ સુખદુઃખનો અત્યન્તઅભાવ એનું નામ મુક્તિ. એમ એ લોકોનો મત છે. પણ વેદમાં મુક્તિ આનન્દરૂપ છે એમ નિરૂપણ છે. તેથી નૈયાયિક મત પણ અસત્ છે.

વળી મીમાંસકો યાગ, તથા યાગના સાધન પ્રયાજાદિથી સાધ્ય એવા સ્વર્ગલોકના સુખને મુકિત કહે છે. પરન્તુ '**यन्न दुःखेन संभिन्नम्**' 'જે દુઃખથી મિશ્ર નથી' એ શ્રુતિમાં સ્વર્ગ પદનો અર્થ બ્રહ્માનન્દાનુભવ જ એટલે 'બ્રહ્માનન્દનો અનુભવ' એવો જ થાય છે. અને આ લક્ષણ મીમાંસકોના સ્વર્ગલોક પદમાં આવતું નથી તેથી સ્વર્ગલોક એટલે મુક્તિ એમ જે મીમાંસકો કહે છે તે યુકત નથી. તેથી એ મતને અનુસરનારાઓને વેદોકત મુક્તિ માર્ગમાં પ્રતિબન્ધ નડે છે. માર્ગમાં પ્રતિબન્ધ હોય તો નિશ્ચિત સ્થળે જવાતું નથી. તેથી ઉપર્યુક્ત પાષણ્ડ માર્ગમાં જવાથી અન્ધ તુલ્ય થવાય છે. મૂલમાં

अन्धतुल्य એવું પદ મૂક્યું. કારણ કે ગીતામાં બતાવેલા આસુર લોકોને પ્રવૃત્તિમાર્ગ તથા નિવૃત્તિમાર્ગનું અજ્ઞાન હોવાથી વેદોક્ત મુક્તિમાર્ગમાં સ્વાભાવિક અન્ધત્વ પ્રાપ્ત થાય છે. પણ દૈવી જીવો જો ઉપર કહેલા અસન્માર્ગમાં ઝપડાય તો એઓ **આંધળા જેવો** જ છે. એ દૈવી જીવો આસુરી લોકોની માફક સ્વાભાવિક રીતે આંધળ નથી. એવા અસન્માર્ગમાં પ્રવેશ કરનાર જીવોને પણ જો સત્સંગ થાય તો એમના પ્રતિબન્ધ દૂર થાય છે, એમને જો શ્રુત્યુક્ત ભક્તિમાર્ગનું જ્ઞાન થાય તો એમને ફલ પણ પ્રાપ્ત થાય છે. આ પ્રકારે માર્યાદામાર્ગમાં સાધન તથા ફળનું અજ્ઞાન અસત્સંગના દોષથી થાય છે એમ બતાવ્યું. હવે પુષ્ટિમાર્ગના જીવો પણ ઉપર્યુક્ત પાખણ્ડ માર્ગનો સમ્બન્ધમાં આવીને સ્વમાર્ગીય જ્ઞાન વિસ્મરે છે, અને તેથી સાક્ષાત્ ભગવત્સમ્બન્ધ રૂપી ફલને પ્રાપ્ત કરી શકતા નથી એમ બતાવવા **इमे मनुजाः** ' **આ મનુષ્યો** ' એવા પદો મૂલશ્લોકમાં પોતે મૂક્યા છે. આ પ્રકારે પુષ્ટિ તથા મર્યાદા એ ઉભય સૃષ્ટિ ફલરહિત થઇ જાય એ ઉદ્દેશથી **व्यर्थ** પદ મૂલમાં આવે છે. મર્યાદામાર્ગમાં મુક્તિ એજ ફલ છે, જ્યારે પુષ્ટિમાર્ગમાં સાક્ષાત્ પુરૂષોત્તમનો સમ્બન્ધ એ ફલ થાય છે. તેથી પુષ્ટિમાર્ગમાં સાક્ષાત્ પુરૂષોત્તમની જ સેવા કરવી જોઇએ એમ બતાવવા ' **घोषाधीशम्** ' પદ મૂક્યું. **घोषाधीश** એટલે ઘોષ=ગૌશાલા+અધીશ=પતિ=ગોશાળાના પતિ—ગાયો ચરાવનાર નન્દપુત્ર શ્રીકૃષ્ણ એ ઘોષાધીશ અર્થાત્ વ્રજાધીશ જ સાક્ષાત્ પુરૂષોત્તમ છે. નન્દગૃહમાં જ પુરૂષોત્તમ પ્રકટ થયા છે. એવા સાક્ષાત્ પુરૂષોત્તમ વ્રજાધીશનો સમ્બન્ધ કરાવી આપનાર શ્રી વલ્લભાચાર્યજી જ છે એમ બતાવવા ' **देव वैश्वानर** ' એવું સંબોધન મૂલમાં મૂક્યું છે.

देव શબ્દ **दिव्**=ક્રીડા કરવી એ ધાતુમાંથી આવે છે. **वैश्वानर** એટલે 'સર્વજનોને દોરનાર' **विश्वान् नरान् नयति** ' એમ 'યાસ્ક' મુનિ નિરૂક્ત ગ્રન્થમાં અર્થ કરે છે. એટલે કે અગ્નિસ્વરૂપ શ્રી મહાપ્રભુજી સર્વજનોને દોરવાનું સામર્થ્ય ધરાવે છે. અગ્નિ મુખનો અધિષ્ઠાતા છે. શ્રી આચાર્યજી મહાપ્રભુજી 'વૈશ્વાનર' અલૌકિક અગ્નિ સ્વરૂપ હોઇ ભગવન્મુખના અધિષ્ઠાતા છે અને તેથી અંગીકૃત જીવને ફ્લનો સમ્બન્ધ કરાવી શકે છે. શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પ્રકટ થયા ત્યારે જ પુષ્ટિ તથા મર્યાદા એ ઉભય માગના ફ્લ તથા સાધનનો ભેદ લોકોમાં પ્રતીત થયો, એમના પ્રાકટ્ય પહેલાં એ ઉભયમાર્ગનો ભેદ તથા તે તે માર્ગના સાધન તથા ફળનો ભેદ લોકો જાણતા નહતા એમ જણાવવા '**नाविर्भूयात्**' અર્થાત્ 'જો આપ પ્રકટ ન થયા હોત તો' એમ પદ મૂક્યું છે.

શ્રી પુરૂષોત્તમજીનું વિવેચન:—શ્રુત્યુક્ત ભગવાને પોતે જ શ્રીમુખથી પોતાને વિષે જ શ્રુત્યુક્ત પરત્વનો નિશ્ચય કરી આપ્યો છે. એમાં પ્રમાણુ વાક્યો ગીતામાં નીચે પ્રમાણે:—

'**अहं सर्वस्य प्रभवः**—" હે અર્જુન, હું (શ્રી કૃષ્ણ) સર્વનો હેતુ છું.
'**मन्मनाभवः**'—'હે અર્જુન, તું મ્હારામાં (શ્રીકૃષ્ણમાં) મન પરોવ.
'**सर्वधर्मान् परित्यज्य मामेकंशरणं व्रज**' હે અર્જુન, તું સર્વ ધર્મનો પરિત્યાગ કરી, મ્હને એકલાને જ શરણુ આવ.'

આ પ્રકારે ગીતાના અન્તમાં ભગવાન્ શ્રીમુખે ગુહ્યતમ ઉપદેશ તરીકે પણુ એક શ્રીકૃષ્ણનો આશ્રય જ ઉપદેશે છે. તેથી શ્રીકૃષ્ણ જ પર વસ્તુ છે. એમાં કંઇપણુ વિવાદ નથી.

સાધનનો વિચાર કરીએ તો પણ નીચેના શ્લોકમાં પૂર્વ પદ્યથી સ્વમાહાત્મ્ય પ્રતિપાદિત કરી, ઉત્તરાર્ધમાં ભાવપૂર્વક ભજનને સાધન તરીકે દર્શાવે છેઃ—

अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्त्तते ।
इति मत्वा भजन्तेमां बुधा भावसमन्विताः ॥

[भ. गी. १०–८]

હે અર્જુન, હું સર્વનો પ્રભવ છું; 'મ્હારામાંથી સર્વ પ્રવર્ત્તે છે, એમ માની ડાહ્યા લોકો **ભાવથી સારી રીતે સમ્બદ્ધ થઇ મ્હને** (શ્રીકૃષ્ણને) ભજે છે.

હવે આ જે ભાવ બતાવ્યો તેનો અર્થ 'રતિ' થાય છે. એ રતિ પણ દેવાદિ-શ્રીકૃષ્ણવિષયક હોવી જોઇએ. એ ભાવ યોગાદિ સાધનથી અસાધ્ય છે. 'ગોપી, ગાય, પક્ષી, મૃગ, નાગ (હાથી) વિગેરે જીવોએ યોગાધિસાધન કર્યાં નહતાં તો પણ કેવલ[1] ભાવથી શ્રીકૃષ્ણને પામ્યા હતા, એમ શ્રીમદ્‌ભાગવતમાં વચન છે. આ ભાવરૂપ સાધનથી જે પરપ્રાપ્તિ થઇ તે [2]લક્ષ્મીજીને પણ સુદુર્લભ થઇ પડી છે. 'વ્રજવધૂઓને જે રાસોત્સવમાં સુખ મળ્યું તે તો લક્ષ્મીજીને પણ દુર્લભ છે, એ પ્રસાદ સ્વર્ગની અપ્સરાઓને પણ પ્રાપ્ત થતો નથી તો પછી અન્ય

---

१. केवलेन हि भावेन गोप्यो गावः खगा मृगाः—

[श्री. भा.]

२. नायं श्रियोऽङ्ग उ नितान्तरतेः प्रसादः स्वर्योषितां नलिनगन्धरुचां कुतोऽन्याः रासोत्सवेऽस्य भुजदण्डगृहीत कण्ठ लब्धाशिषां य उदगाद् व्रजवल्लभीनाम् ॥ श्री. भा. १०

કોઇને તો કેવી રીતે પ્રાપ્ત થઇ શકે ?' ઇત્યાદી વચન શ્રીમદ્ભાગવતમાં છે. ઉદ્ધવજી જેવા ભક્તને ભગવાન્ કહે છે કે 'ઉદ્ધવજી જેવા તમે મ્હને પ્રિયતમ છો તેવું પ્રિય તો મ્હને કોઇ પણ નથી! મ્હારી યોનિ શંકર, સંકર્ષણ, તેમજ શ્રી પણ તમારા સમાન મ્હને પ્રિય નથી!' એવા ભગવત્પ્રિય ઉદ્ધવજી પણ, ગોપીજનોના (તાપક્લેશાત્મક) અનન્ય ભગવદ્ભાવથી આશ્ચર્ય પામી કહે છે કે 'આ [1]ગોપીજનોના ચરણ રેણુઓને સેવનાર વૃન્દાવનના લતા, ઓષધિ, ગુલ્મ, વૃક્ષાદિમાંનો કોઇ પણ હું થાઉં તો કેવું સારૂં (કે જેથી મ્હને પણ ગોપીજનની ચરણરેણુ પ્રાપ્ત થાય અને મ્હારામાં પણ એમનો ભગવદ્ભાવ આવે!) આ પ્રકારે ફલ તથા સાધનનું પર્યવસાન ભગવાન્માં જ થાય છે એવો સિદ્ધાન્ત શ્રીમદાચાર્યચરણે જ પ્રકટ કર્યો છે.

રામાનુજાચાર્ય તથા મધ્વાચાર્ય વિગેરે એ માયાવાદનું નિરાકરણ કરી ભગવત્સાયુજ્ય તથા લક્ષ્મીસાયુજ્યાદિરૂપ મોક્ષનું સ્થાપન કર્યું, તો પણ તેઓએ '**सोऽश्नुते**' એ ઋચામાં જે ચતુર બ્રહ્મની સાથે ભક્તનો સર્વ કામોપભોગ બતાવ્યો છે તેનું પ્રતિપાદન કર્યું નથી. તે આચાર્યોએ, આનન્દમયાધિકરણમાં જે વ્રજાધીશ-ઘોષાધીશની પ્રાપ્તિને ઉત્કૃષ્ટ ફળરૂપે બતાવી છે, તેનું પ્રતિપાદન કર્યું નથી, તેમજ તેઓએ લિઙ્ભૂયસ્ત્વાધિકરણમાં કહેલી રીતિએ **સર્વાત્મભાવ રૂપ સાધનનું** વિવેચન કર્યું નથી, તેથી તેઓના મતને અનુસરવાથી ઉત્કૃષ્ટ ફળ રૂપ ઘોષાધીશની પ્રાપ્તિ થતી નથી એમ નિશ્ચય થાય છે. અને તેથીજ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો આવિર્ભાવ સાર્થક છે એમ સમજવું,

---

१. **आसामहो चरणरेणुजुषामहं स्याम् ।**
वृन्दावनेकिमपि गुल्मलतौषधीनाम् ॥ श्री. भा. १०

શ્રી રઘુનાથજી વિશેષમાં કહે છે:—

ભૂતનાથ-મહાદેવ-શંકરનો માર્ગ તામસ મનુષ્યોને ઉપદેશ કરવાને અર્થે છે. વારાહ પુરાણમાં, પાષણ્ડી જનોની ઉત્પત્તિ બતાવ્યા પછી તેવા આસુર લોકોને મોહ પમાડવા મોહ ઉત્પન્ન કરે એવા શાસ્ત્રો પ્રકટ કરવા શંકરને ભગવાને આજ્ઞા કરી એવું વચન છે:— **त्वं च रुद्र महाबाहो मोहशास्त्राणि कारय।** ' હે રૂદ્ર મહાબાહુ, તું મોહક શાસ્ત્રો ઉત્પન્ન કરાવ ' કે જેથી આસુરી સૃષ્ટિ મોહ પામી નષ્ટ થાય.

આ પ્રકારે શંકરપ્રણીત માયાવાદાદિ શાસ્ત્રો અસત્ છે અને તેમની અસરથી પુષ્ટિમાર્ગીય દૈવી જીવોએ દૂર રહેવું એમ સૂચ પોતે કરે છે.

ચતુર્થ ટીકામાં શ્રીગોકુલેશજી ? નીચે પ્રમાણે વિશેષ પ્રતિપાદન કરે છે:—

વૈશ્વાનર પદથી થતું સૂચનઃ—

જેમ ભગવાન્ ગીતામાં બતાવ્યા પ્રમાણે વૈશ્વાનર-જઠરાગ્નિ થઇ ચાર પ્રકારનું અન્ન પચાવે છે તેમ હે વૈશ્વાનર-અગ્નિ સ્વરૂપ શ્રીઆચાર્યજી ! આપ પણ તાપાત્મક થઇ સર્વ જીવોના ચતુર્વિધ રસરૂપ પુરૂષાર્થો પકવ કરો ! આ પ્રકારે સ્વરૂપ ભોગ કરવામાં દ્વિતીય દલ-સ્ત્રી ભાવાત્મકનીજ શક્તિ છે. તેથી આ દ્વિતીય પદ્યમાં સ્ત્રીભાવાત્મક ધર્મીનું નિરૂપણ છે એવો ભાવ નીકળી શકે છે. (૨)

यस्मात्साध्वी स्वभावं प्रकट[illegible] वधूरग्रतः पत्युरेव ।
तस्माच्छ्री वल्लभाख्य त्वदुदितवचनादन्यथा रुपयन्ति ।
भ्रान्ता ये ते [illegible]ने [illegible]र्गत्रिदशारिपुतया केवलान्धंतमोगाः२

ભાવાર્થઃ—વાણીના અધીશ એવા શ્રી વલ્લભાચાર્યજી વિના શ્રુતિસમૂહના વચનોનો ભાવાર્થ અન્ય કોઈ સવ પ્રકારે જાણવા સમર્થ નથી; કારણ કે સાધ્વી વહુ પોતાનો સ્વભાવ પતિના આગળ જ પ્રકટ કરે છે. તેથી 'શ્રી વલ્લભ' એવું નામ ધારણ કરનારા એવા હે શ્રી આચાર્યજી ! આપે જે શ્રુતિ વચનોનો ભાવાર્થ કહ્યો તેનાથી વિપરીત રૂપે જેઓ વ્યાખ્યાન કરે છે તેઓ ભ્રાન્ત છે. (એટલુંજ નહિ પણ) એવા લોકો સ્વભાવથી જ આસુરપણાને લીધે કેવલ અન્ધંતમઃને પ્રાપ્ત થાય છે.

केवलान्धंतमोगाः ને બદલે શ્રી રઘુનાથજીની પ્રતમાં **नित्य दुःखाः** એવો પાઠ ઉપલબ્ધ થાય છે. ત્યાં અર્થ:-એવા વિપરીત વ્યાખ્યાન કરનારાઓ નિરન્તર દુઃખી હોય છે.

વિવેચનઃ—હવે જો કોઈ એમ શંકા કરે કે સન્માર્ગનું પ્રતિપાદન શ્રુતિઓ કરે છે અને તે શ્રુતિઓના વ્યાખ્યાન કરનારાઓને તેના અર્થનું જ્ઞાન હોઇ શકે તો પછી આ (દૈવી જીવોના) માર્ગનું અજ્ઞાન છે એમ તમે કેમ કહો છો, તો સમાધાન કરે છેઃ—

તમારી શઙ્કા ખરી છે, પણ વ્યાખ્યાન કરનારાઓને શ્રુતિના

તાત્પર્યની ખબર નથી તેથી એ (દૈવી જીવના) માર્ગનું ભાન ન જ હોય એ સત્ય છે.

શંકા:—એ વ્યાખ્યાન કરનારા અન્ય આચાર્યોને તાત્પર્યનું ભાન નથી એમાં શો હેતુ આપો છો ?

સમાધાન:—'**निःश्वसितमस्य वेदाः**' 'વેદો એ (ભગવાન્) ના નિઃશ્વાસ રૂપ છે' એ વચનાનુસાર શ્રુતિઓ ભગવાનની વાણીરૂપ છે; અને વાણીનો અધિષ્ઠાતા અલૌકિક અગ્નિ છે. હવે શ્રી વલ્લભાચાર્યજી અલૌકિક અગ્નિ સ્વરૂપ હોવાથી અગ્નિ તત્પર શ્રુતિઓ પોતાનું તાત્પર્ય એમની પાસે જ પ્રકટ કરે છે. (વાગ્રૂપ શ્રુતિઓ પોતાનો ગૂઢ ભાવાર્થ પોતાના અધિષ્ઠાતા એવા અલૌકિક અગ્નિ પાસે જ પ્રકટ કરે છે.) તેથી અલૌકિક અગ્નિ સ્વરૂપ શ્રી વલ્લભાચાર્યજી જ શ્રુતિઓનું હાર્દ સર્વ પ્રકારે જ્ઞાપિત કરી શકે છે, અન્ય આચાર્યોને તો તેનું અજ્ઞાન હોય છે એવા અભિપ્રાયથી મૂળ શ્લોકમાં કહ્યું કે 'વાગધીશ વિના અન્ય કોઈ શ્રુતિ સમૂહનો ભાવાર્થ સર્વ પ્રકારે જ્ઞાપિત કરવા સમર્થ નથી.' [1]વાણી અગ્નિનો અંશ છે, તેથી અગ્નિ વાગીશ કહેવાય છે. શ્રી વલ્લભાચાર્યજી અગ્નિ સ્વરૂપ હોઈ વાગીશ-વાક્પતિ કહેવાય છે. (શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી મહાપ્રભુજીનું એક નામ **वाक्पतिः** એવું છે.

---

१ **मुखमस्य विनिर्भिन्नं लोकपालोऽनलोऽविशत् ।**
वाचा स्वांशेन येनासौ वक्तव्यं प्रतिपद्यत ॥

અર્થ:—એ વિરાટ્ સ્વરૂપનું મુખ ફાટ્યું, તેમાં લોકપાલ અગ્નિએ પ્રવેશ કર્યો. જે અગ્નિની અંશરૂપ વાણીવડે આ જીવ બોલવાને સમર્થ થયો. [જુઓ શ્રી. ભાગવત. દ્વિતીય સ્કન્ધ.]

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ભગવાન્ કહે છે કે: **वेदैश्चसर्वैरहमेव वेद्य:** ' અર્થાત્ સર્વ વેદથી જાણવાનું તત્વ પણ હું જ છું. આ પ્રમાણાનુસાર વેદરૂપ એવી શ્રુતિઓ કેવલ ભગવદેકપરત્વે જ પોતાનું તાત્પર્ય ઘટાવી રહી છે. તેથી તેઓ (શ્રુતિઓ) સાધ્વી કહેવાય છે. અને સાધ્વી સ્ત્રીનું લક્ષણ એ છે કે તે નિજ પતિની પાસે જ પોતાનો ગૂઢ સત્ય આશય પ્રકટ કરે છે. આ પ્રકારે શ્રુતિઓ પોતાનો ગૂઢ તાત્પર્ય વાગધીશ અગ્નિ સ્વરૂપ શ્રી વલ્લભાચાર્યજી પાસે પ્રકટ કરે એમાં આશ્ચર્ય નથી. જેમ સાધ્વી સ્ત્રી નિજપતિ વિના અન્ય શ્વશ્રૂ શ્વશુરાદિ ગુરૂજનો પાસે પોતાનું હાર્દ પ્રકટ કરતી નથી તેમ સાધ્વી શ્રુતિયો પણ સ્વપતિ વાગધીશ શ્રી વલ્લભાચાર્યજી પાસે જ સત્ય હાર્દ પ્રકટ કરે છે.

આથી સિદ્ધ થાય છે કે શ્રી વલ્લભાચાર્યજીથી વિપરીત વ્યાખ્યાન જેઓ કરે છે તેઓ ભ્રાન્ત છે કારણ કે તેઓને વિષે સ્વાભાવિક આસુરત્વ હોવાથી શ્રુતિઓ સ્વહાર્દ તેમનાથી છૂપાવે છે. એવા વિપરીત વ્યાખ્યાન કરનારાઓનું ફલ શું તો કહે છે કે તેઓ આસુરી મુક્તિ અર્થાત્ અન્ધંતમસ્‌ને પ્રાપ્ત થાય છે. શ્રુતિ પણ કહે છે કે ' **अन्धंतमः प्रविशन्ति ये संभूतिमुपासते** ' અર્થાત્ 'જેઓ સંભૂતિ–માયાને ઉપાસે છે તેઓ અન્ધંતમસ્‌માં પ્રવેશ કરે છે.'

' **सम्यक् प्राग् भवन्ति जायन्ते आसुरा अनयेति संभूतिर्माया** । અર્થાત્ " જે વડે આસુરો સારી રીતે ઉત્પન્ન થાય છે તે સંભૂતિ કહેતાં માયા હોય છે. " તેથી ' સંભૂતિ ' પદનો અર્થ ' માયા ' થાય છે. આસુર લોકો જ માયાની ઉપાસના કરે છે અને એ ઉપાસનાના ફલ તરીકે અન્ધંતમસ્ પ્રાપ્ત કરે છે.

'**नित्यदुःखाः**' એ પાઠ પ્રમાણે જો કે એમની મુક્તિમાં કદાચ દુઃખનો અભાવ હોય તો પણ સુખ–આનન્દ ન હોવાથી કેવળ દુઃખનો અભાવ કંઇ પુરૂષાર્થ કહેવાતો નથી, તેથી દુઃખાભાવરૂપી મુક્તિ પણ દુઃખજ છે.

શ્રી વલ્લભાચાર્યજીએ કહેલા તાત્પર્યના જ્ઞાન પછી પણ જેઓની વિપરીતભાવના નિવૃત્ત થઇ નથી એવા વ્યાખ્યાતાઓનો સંગ પુષ્ટિમાર્ગીયોએ ત્યાગ કરવો જોઇએ. આ ઉદ્દેશથી એમના ઘોરફલનું નિરૂપણ કરવામાં આવ્યું છે. (શ્રી પુરૂષોત્તમજી.)

પૂર્વના શ્લોકમાં તેઃ દૈવી જીવો વેદમાર્ગમાં જાય તો પણ ફલ પ્રાપ્ત થતું નથી એમ બતાવ્યું. હવે આ શ્લોકમાં વેદમાર્ગમાં ગતિજ અશક્ય થઇ પડી છે, કારણ કે આસુરજનોના વિપરીત વ્યાખ્યાનો પ્રતિબન્ધરૂપ થઇ પડે છે. તેથી તત્વતઃ પરિજ્ઞાન થઇ શકતું નથી. તેથી હે શ્રીવલ્લભ પ્રભુ! અમારી ગતિ તમારે આધીન છે. એ ઉદ્દેશથી આ તૃતીય શ્લોક ઉત્પન્ન છે. (શ્રી રઘુનાથજી.)

શ્રીગોકુલેશજીની ટીકાઃ—પ્રથમ બે શ્લોકથી ધર્મિનું નિરૂપણ થયું. હવે ધર્મભાવનું નિરૂપણ કરવા પ્રથમ ઐશ્વર્યરૂપ ધર્મનું પ્રતિપાદન આ તૃતીય શ્લોકમાં કરે છે. ભગવન્મુખારવિન્દરૂપ શ્રી વલ્લભાચાર્યજીજ શ્રુતિગણ કહેતાં વ્રજસૌભાગ્યવતીઓના વાક્યોનો ભાવ અભિપ્રાયપૂર્વક જાણવાને સમર્થ છે. અન્ય કોઇ સમર્થ નથી કારણ કે નવોઢા વધૂ (નૂતન સ્ત્રી) સ્વપતિની પાસેજ પોતાનો સ્વભાવ પ્રકટ કરે છે.

'શ્રી' એટલે 'સ્વામિનીજી.' શ્રીસ્વામિનીજીના વલ્લભ તે 'શ્રીવલ્લભ.' અને તેજ શ્રુતિરૂપ વ્રજ વધૂ–શ્રી સ્વામિનીજીના ભાવ

જાણવા સમર્થ છે શ્રી વલ્લભાચાર્યજીથી વિપરીત વ્યાખ્યાન કરનારા-
ઓ તામસ આસુર હોય છે. તેમને સ્વભાવથીજ સાત્વિક ભાવથી
ભજન કરનારા લોકોની સામે દ્વેષ હોય છે. તેઓ ભગવદ્દભજન
સહી શકતા નથી. તેથી તેમને નિત્ય દુઃખ પ્રાપ્ત થાય છે. શ્રી વલ્લ-
ભાચાર્યજી ભગવાનના મુખારવિન્દ હોવાથી એમનું ઐશ્વર્ય સ્પષ્ટજ છે.

ભગવાનનો ઐશ્વર્યભાવ તો એ જ વ્રજવધૂઓના વચનાનુસાર
વર્ત્તવું. શ્રીમદાચાર્યજી પણ શ્રુતિરૂપ વ્રજવધૂના વચનોનો ભાવ જાણ-
તા હોવાથી એમને વિષે પણ રસરૂપ ઐશ્વર્ય ભાવ સિદ્ધ થાય છે. ૩

(ભક્તિરસજલધિ)

प्रादुर्भूतेन भूमौ व्रजपति चरणाम्भोजसेवाख्यवर्त्म
प्राकट्यं यत् कृतं ते तदुत निजकृते श्रीहुताशेति मन्ये।
यस्मादस्मिन्स्थितोयत्किमपिकथमपिक्काप्युपाहर्तुमि-
च्छत्यद्धा तद्गोपिकेशःस्ववदनकमले चारुहासेकरोति४

ભાવાર્થ:—આપે પ્રકટ થઈ ભૂમિપર ‘ શ્રી વ્રજપ-
તિના ચરણકમલની સેવા ’ એ માર્ગથી ઓળખાતો જે સે-
વામાર્ગ પ્રકટ કર્યો તે નિજ (ભક્તો) ના (કલ્યાણ)
અર્થે છે. એમ હે શ્રીહુતાશ (=યજ્ઞભોક્તા) ! મ્હારો નિ-
શ્ચય છે; કારણ કે (આપે પ્રકટ કરેલા) એ (સેવા)
માર્ગમાં સ્થિતિ કરીને રહેનાર કોઇ પણ જીવ, જે કંઈ

(પત્રપુષ્પાદિક) પણ, ગમે તે પ્રકારે પણ (=શાસ્ત્રોક્ત માર્ગથી અન્ય પ્રકારે પણ), અને ગમે તે સ્થલે પણ, ભગવાન્‌ને સમર્પિત કરવા ઇચ્છે છે, તે સર્વનો શ્રી ગોપીજનવલ્લભ, સાક્ષાત્, સુન્દરહાસયુક્ત મુખકમલમાં (રૂચિથી) ઉપભોગ કરે છે. (૪)

ઉદ્દેશ:—શ્રી વલ્લભાચાર્યજીના પ્રાકટ્યનું એક અસાધારણ કાર્ય (=શ્રુતિના વચનનો ભાવ પ્રકટ કરવા રૂપી કાર્ય) પૂર્વ શ્લોકમાં દર્શાવ્યું. હવે આ શ્લોકમાં તે કાર્યથી પણ અધિક અસાધારણ કાર્યનું નિરૂપણ કરે છે. એ અસાધારણ કાર્ય એવું છે કે શ્રી વલ્લભાચાર્યજીએ શ્રી વ્રજાધીશની સેવા કરવા રૂપ માર્ગ પ્રકટ કર્યો છે. એ શ્રી ગોપીજન વલ્લભની સેવાનો માર્ગ એવો છે કે તેથી શ્રી કૃષ્ણને વિષે અત્યન્ત પ્રીતિ ઉત્પન્ન થાય છે.

વિવેચન:—આપે પ્રકટ થઇને શ્રી વ્રજપતિના ચરણકમલની સેવા કરવાનો માર્ગ ભૂમિપર પ્રકટ કર્યો તે આપના પોતાના સન્તોષને અર્થે છે. જો કે લોકમાં પૂજાદિમાર્ગ પ્રકટ હતો જ તો પણ પોતે જે ભક્તિમાર્ગીય સેવામાર્ગ પ્રકટ કર્યો તે પોતાના આત્માના સન્તોષને અર્થે છે. શ્રી મહાપ્રભુજીને પૂજાદિમાર્ગમાં આત્મસન્તોષ થતો ન હતો. કારણ શું ? તો કહે છે:–' સેવામાર્ગમાં પુરૂષોત્તમ જ સેવ્ય છે, જ્યારે પૂજામાર્ગમાં વિભૂતિરૂપની પૂજા કરવી પડે છે. સેવામાં ભક્તિ નિયામક હોય છે, જ્યારે પૂજામાં વિધિ નિયામક

હોય છે. પૂજામાં કાલ પણ નિયામક હોય છે જ્યારે સેવામાં કાલનો નિયમ નથી. સેવા ભક્તના મનોરથને અધીન હોવાથી ગમે તે કાલે સેવા થઇ શકે છે (એ સેવામાર્ગની પૂજામાર્ગ કરતાં સુગમતા છે.) પૂજામાર્ગમાં પૂજ્ય વિભૂતિને સન્તોષ આપવા નૈવેદ્યાદિ ઉપચારો અદૃષ્ટને ઉત્પન્ન કરે છે, જ્યારે સેવામાર્ગમાં તો સમર્પિત વસ્તુનો પ્રભુ સાક્ષાત્ ઉપભોગ કરે છે અને તેથી સેવામાર્ગમાં સર્વને દુર્લભ એવો પુરૂષાર્થ સિદ્ધ થાય છે.' આ રીતે સેવામાર્ગ સર્વ પ્રકારે વિલક્ષણ છે. શ્રીવલ્લભાધીશને પૂજામાર્ગમાં અસન્તોષ લાગ્યો અને તેથી પોતે સેવામાર્ગ પ્રકટ કર્યો.

મૂલશ્લોકમાં સેવ્ય સ્વરૂપના ચરણને 'અમ્ભોજ' એટલે 'કમલ'ની સાથે ઉપમા આપી છે. તેથી 'કમલ જેમ સુખ આપે છે તેમ વ્રજાધીશના ચરણની સેવા કરવામાં અત્યન્ત સુખ પ્રાપ્ત થાય છે' એમ સૂચન થાય છે. 'निजकृते' એ પદથી એમ પણ સૂચવાય છે કે સ્વીય ભક્તો જો શ્રીમહાપ્રભુજીની દર્શાવેલી રીતિએ સેવા કરે તો તેઓ પણ કૃતાર્થ થાય.

સર્વ કોઇ સ્વાર્થને માટે પ્રવૃત્તિ કરે છે. શ્રીવલ્લભાચાર્યજી એવા તો પરમકૃપાલુ છે કે પોતે, પરાર્થે પણ (=પારકાને અર્થે પણ–સ્વીય ભક્તોને અર્થે પણ) સ્વાર્થના જેવી પ્રવૃત્તિ કરી સેવામાર્ગ પ્રકટ કર્યો. (શ્રીપુરૂષોત્તમજી.)

મૂલમાં 'श्रीहुताश' એવું સંબોધન છે તેથી આપશ્રીમાં માર્ગ પ્રકટ કરવાનું સામર્થ્ય છે એમ સ્પષ્ટ થાય છે.

શ્રી મહાપ્રભુજી અગ્નિ સ્વરૂપ હોઇ યજ્ઞભોક્તા છે. એટલે કે

પોતે શ્રી ઠાકોરજીના મુખારવિન્દરૂપ હોઇ શ્રીઠાકોરજીનો ભોગ સિદ્ધ કરી આપવાનું સામર્થ્ય ધરાવે છે. જેમ મુખારવિન્દ વિના ભોગ થઇ શકતો નથી તેમ અગ્નિ સ્વરૂપ શ્રી વલ્લભાચાર્યજી વિના શ્રી ઠાકોરજી ભોગ અંગીકાર કરતા નથી. એમ 'શ્રી હુતાશ' પદનું તાત્પર્ય દીસે છે.

આપણે શ્રીમહાપ્રભુજીએ પ્રતિપાદિત કરેલા સેવામાર્ગમાં વિશ્વાસ રાખવો જોઇએ. એ માગ એવો (સરલ) છે કે ગમે તે કોઇ જીવ એમાં કાયાથી, વાણીથી, તથા મનથી સ્થિતિ કરી શકે છે, કોઇ પણ પ્રકારની ભારે યા હલકી વસ્તુ હોય-પછી તે પત્ર પુષ્પાદિક હોય તો પણ તેનો અંગીકાર પ્રભુ કરે છે, વળી એ માર્ગમાં શાસ્ત્રોક્ત પ્રકારે જ વસ્તુનું સમર્પણ થાય છે એમ પણ નથી. શાસ્ત્રમાં ન કહ્યો હોય એવા પ્રકારે પણ જો વસ્તુ પ્રભુને સમર્પવામાં આવે તો તેનો પણ અંગીકાર પ્રભુ કરી લે છે. વળી એ માર્ગમાં ભૂમિ અથવા અન્તરિક્ષાદિ સ્થલનો પણ નિયમ નથી, ગમે તે કોઇ દેશમાં કોઇ પણ જીવ કોઇ પણ વસ્તુ પ્રભુને સમર્પી શકે છે; અને ગોપીકાના ઇશ-શ્રી ગોપી શ્રી ગોપીજનવલ્લભ પ્રભુ તે વસ્તુનો સાક્ષાત્ ઉપભોગ પોતાના સુન્દર હસતા મુખકમલમાં રૂચિપૂર્વક કરે છે.

મૂલમાં **अद्धा**=સાક્ષાત્ પદ મૂક્યું છે, તેથી એમ સૂચવાય છે કે આ માર્ગમાં પ્રભુ સાક્ષાત્ અંગીકાર કરે છે, અન્યમાર્ગની માફક કેવલ ભાવના માત્ર અંગીકાર નથી, તેમ બ્રાહ્મણ મુખાદિદ્વારા અંગીકાર નથી. '**गोपीकेश**' એ પદથી એમ સૂચન થાય છે આ માર્ગમાં પ્રભુનું સેવન 'શ્રીગોપિકા' સહિત થવું જોઇએ. (૪)

ભક્તિરસજલધિઃ—તૃતીય શ્લોકમાં ઐશ્વર્યનું નિરૂપણ કરી હવે વીર્યધર્માત્મક કીર્તિના સ્વરૂપનું પ્રતિપાદન આ ચતુર્થ શ્લોકમાં કરે છે.

'कथमपि' એટલે 'ભાવાત્મક સ્વસ્વરૂપથી અથવા આપના દારયથી.'

'क्वापि' એટલે વૃન્દાવનમાં અથવા ભાવાત્મક સ્વગૃહમાં પણ પ્રભુ વસ્તુનો અંગીકાર કરે છે.

'व्रजपति' એ પદથી પુરૂષોત્તમત્વનો બોધ થાય છે. ચરણને કમલ સાથે ઉપમા આપી છે, તેથી આ માર્ગની પુષ્ટિરૂપતા સિદ્ધ થાય છે. વદનને કમલની ઉપમા આપી છે તેથી એવા ભાવનું વ્યંજન થાય છે કે જેમ કમલ સૂર્યના કિરણોના સમ્બન્ધથી પ્રફુલ્લ થઈ સ્વરસનો પ્રકાશ કરે છે તેમ (વિપ્રયોગ રૂપ) તાપાત્મક એવા આપ શ્રી મહાપ્રભુજીની સાથે સમ્બન્ધ ધરાવતી સામગ્રીનું ભોજન કરવામાં પ્રભુ અતિ પ્રસન્ન થાય છે અને સ્વરસનું દાન કરે છે, અને તેથી જ 'चारुहास' સુન્દર રસનું મુખકમળ એવું પદ મૂક્યું છે.

ભગવાનની કીર્તિ તો એ જ કે પોતે ભક્તોને વિષે કૃપા કરે છે.

શ્રી મહાપ્રભુજી વિપ્રયોગનું સ્વરૂપ છે. વિપ્રયોગ તાપાત્મક છે. વિપ્રયોગમાં પ્રભુથી વિખુટા પડયાનું ભાન રહે છે, એવા તાપક્લેશ સહિત જો પ્રભુને ભોગ સમર્પવામાં આવે તો પ્રભુ અતિ પ્રસન્ન થાય છે. કોની માફક તો કે સૂર્યકમલવત્ તેથી પ્રભુને ભોગ ધરવામાં તાપ ક્લેશ થવો જોઇએ. એમ ફલિત થાય છે. (૪)

उष्णत्वैक स्वभावोप्यति शिशिरवचःपुञ्जपीयूष वृष्टि
रार्त्तेष्वत्युग्र मोहासुरनृषुयुगपत्तापमप्यत्र कुर्वन् ।
स्वस्मिन्कृष्णास्यतां त्वं प्रकटयसि च नो भूतदेवत्वं
तद्यस्मानन्ददं श्री व्रजजननिचये नाशकं चासुराग्नेः५

ભાવાર્થ:—જો કે આપશ્રીનો 'ઉષ્ણત્વ' એજ એક (અસાધારણ) સ્વભાવ છે, તો પણ આપ એકીવખતે (સંસાર તાપથી તપ્ત એવા) આર્ત્ત જનોને વિષે અત્યન્ત શીતલ (=તાપહારક) વચનોના પુંજની અમૃતવૃષ્ટિ કરોછો, તેમજ અત્યુગ્ર સાંસારિક મોહથી મુગ્ધ થયલા આસુર જીવોને વિષે તાપ (=દાહ) પણ ઉત્પન્ન કરો છો; અને એ રીતે આપ આપને વિષે ભૂતદેવત્વ (=રૂદ્રત્વ–મહાદેવત્વ) નહિં પ્રકટ કરતાં, શ્રી કૃષ્ણની મુખારવિન્દતા પ્રકટ કરો છો, કારણ કે એ (આપનું ભગવન્મુખારવિન્દરૂપણું) શ્રી વ્રજજનોના સમૂહમાં આનન્દનું દાન કરે છે તેમ જ (પાષણ્ડ માર્ગરૂપ) આસુરાગ્નિનો નાશ (પણ) કરે છે. (૫)

અવતરણિકા:—પૂર્વશ્લોકમાં શ્રીમહાપ્રભુજીને 'हुताश' એવું નામ આપ્યું. હવે જેમ 'हुताश' નો અર્થ અગ્નિ થાય છે તેમ '**रुद्रो वा एषयदग्निः**' અર્થાત "આ રૂદ્ર અગ્નિ છે." એ વચનાનુસાર રૂદ્રમાં પણ અ-

ગ્નિત્વ છે, તો શંકા ઉદ્દભવે છે કે શ્રી વલ્લભાચાર્યજીનું અગ્નિત્વ પણ રૂદ્રના અગ્નિત્વ જેવું હોઈ શકે, તમે કહોછો તેવું અગ્નિત્વ એમને વિષે હોય એવો નિયમ નથી, તો સમાધાન કરે છે કે, શ્રી વલ્લભાધીશનું અગ્નિત્વ રૂદ્રના અગ્નિત્વથી ભિન્ન જાતિનું છે, એ સમ્બન્ધી હેતુઓ હવેના ચાર શ્લોકોમાં આપવામાં આવશે. એ હેતુઓ એવા છે કે તેથી રૂદ્રત્વની સાથે વિરોધ આવે છે, તેથી શ્રી મહાપ્રભુજીમાં ઉષ્ણુત્વને લીધે રૂદ્રત્વની શંકા ન કરવી.

વિવેચનઃ—શ્રી મહાપ્રભુજીના ઉષ્ણુત્વ રૂપને લીધે જો એમને વિષે રૂદ્રત્વની શંકા કરો તો એ રૂદ્રત્વનો આગળ કહેવામાં આવતા હેતુઓ સાથે અત્યન્ત વિરોધ આવશે. શ્રી મહાપ્રભુજીનું ઉષ્ણુત્વ તથા રૂદ્રનું ઉષ્ણુત્વ એક જાતિનું નથી. તેઓમાં સામ્ય પણ નથી એ સિદ્ધ કરવા રૂદ્રત્વનો અભાવ સાધે એવા વિરૂદ્ધ ધર્મો આ શ્લોકમાં કહ્યા છે. શ્રી મહાપ્રભુજી વિરૂદ્ધ ધર્મોના આશ્રય હોઇ અલૌકિક છે. જોકે પોતાનો અસાધારણ સ્વભાવ 'ઉષ્ણુત્વ' નો છે તો પણ પોતે એકી વખતે સંસાર તાપથી તપ્ત થયલા આર્ત્ત જીવોને પોતાના અત્યન્ત શીતલ વચનામૃતની વૃષ્ટિથી શાન્ત કરે છે–તેમના તાપ હરી લે છે. અને તેજ સમયે અત્યુગ્ર સંસારરૂપ મોહ વા અજ્ઞાનથી જે લોકો આસુર હોય છે તેમને સંતાપે છે–દહન કરે છે. આમ એકી વખતે પોતે બે વિરૂદ્ધ કાર્ય તાપનિવૃત્તિ તથા તાપકરણ કરી રહ્યા છે. તેથી પોતે અલૌકિક છે અને પોતાને વિષે શ્રીકૃષ્ણનું મુખારવિન્દપણું પ્રકટ કરે છે. પોતે *ભૂતદેવત્વ કહેતાં રૂદ્રત્વને પ્રકટ કરતા નથી. રૂદ્ર

---

* ભૂતદેવત્વ—પ્રાકૃત અગ્નિરૂપત્વ એવો અર્થ શ્રી રઘુનાથજી કરેછે.

પોતાના ઉપાસક અસુર લોકોનો તાપ નિવૃત્ત કરવાની શક્તિ ધરાવે છે, પણ તાપકરણની શક્તિ ધરાવતા નથી. શ્રી મહાપ્રભુજીમાં તો આ ઉભયશકિત એકી વખતે રહે છે. શ્રી મહાપ્રભુજી પોતે કૃષ્ણનું આસ્ય-વદનકમલ હોઇ શ્રીવ્રજભક્તોના સમૂહની આર્તિ હરી લઇ તેમને [1]આનન્દનું દાન કરે છે, તેમ જ પાષણ્ડમાર્ગ રૂપ [2]આસુર અગ્નિનું અથવા દાવાગ્નિનું પાન પણ કરે છે.

ભક્તિરસજલબ્ધિઃ–આ પંચમ શ્લોકમાં યશ=સ્વરૂપનું પ્રતિપાદન છે,

શ્રીમહાપ્રભુજીમાં ઉષ્ણત્વ છે એટલે કે પોતે વિપ્રયોગદલાત્મક તાપરૂપ છે. પોતે, આર્ત્ત એટલે કે જેઓ દાસીભાવ પ્રાપ્ત કરી ભગવન્મિલનની પ્રાર્થના કરી રહ્યા છે તેવા નિજ ભક્તોને ભગવન્મિલન કરાવે એવા અતિશીતલ વચનની અમૃત વૃષ્ટિથી શાન્ત કરે છે.

શ્રી=સ્વામિનીજી. ' શ્રી વ્રજજનનિચય ' એ પદમાં ' **શ્રી** ' નો અર્થ ધ્યાનમાં લેતાં વ્રજ જનનો સમૂહ, સ્વામિનીજી સહિત છે. વ્રજ જનોને આનન્દનું દાન થાય છે તે શ્રી સ્વામિનીજીના સમ્બન્ધથી જ થાય છે. અને તેથી જ શ્રી મહાપ્રભુજી શ્રી સુબોધિનીજીમાં કહે છે કે ' **तद्द्वारा पुरुषे भवेत्** ' ' તે (સ્વામિનીજી) દ્વારા પુરૂષમાં રસ ઉદ્‌ભવે છે. '

મુખારવિન્દથી વ્રજજનોને આન્દનું દાન કરવું અને દાવાગ્નિનું પાન કરવું-આ ઉભય ધર્મ ભગવન્મુખના જ હોઇ શકે, મહાદેવજીના

---

૧ **पीत्वामुकुन्दमुख सारघम्**—શ્રી મ. ભાગવત " મુકુન્દના મુખના અમૃતનું પાન કરીને તેમનો વિરહાગ્નિ નષ્ટ થયો."

૨ ' **तमग्निमपिबत्** ' તે અગ્નિનું પાન પોતે કર્યું. શ્રી. મ. ભા.

ન હોઈ શકે. શ્રી મહાપ્રભુજીમાં આ ઉભય ધર્મ છે તેથી પોતે કૃષ્ણનું આસ્ય-વદનરૂપ છે.

ભગવાનનો યશ તો એ જ કે ભક્તોને આનન્દનું દાન કરી પોષણ કરવું અને અન્યનો નાશ કરવો. તેથી આ શ્લોકમાં યશો રૂપત્વ સિદ્ધ થાય છે.

आम्नायोक्तं यदम्भो भवनमनलतस्तच्च सत्यंविभोयत्
सर्गादौ भूतरूपादभवदनलतः पुष्करं भूतरूपम् ।
आनन्दैकस्वरूपात्त्वदधिभु यदभूत्कृष्णसेवारसाब्धि
श्चानन्दैक स्वरूपस्तदखिलमुचितं हेतुसाम्यं हि कार्ये६

ભાવાર્થ:—વેદમાં અગ્નિમાંથી જળની ઉત્પત્તિ કહી છે, તે હે વિભુ (=સર્વ કરણ સમર્થ)! સત્ય છે. સર્ગના આરમ્ભમાં ભૂતરૂપ અગ્નિમાંથી ભૂતરૂપ જલ થયું. આનન્દૈક સ્વરૂપ એવા આપશ્રીમાંથી ભૂતલ પર આનન્દૈક સ્વરૂપ એવો જે કૃષ્ણસેવારસરૂપ મહાસાગર પ્રગટ થયો તે સર્વ ઉચિત છે. કારણ કે કાર્યને વિષે હેતુનું સામ્ય છે. (અર્થાત્ કાર્યમાં કારણના ગુણો હોવા જોઇએ. તદનુસાર જ્યારે આપશ્રીથી પ્રકટ થતો કૃષ્ણ સેવારસ માર્ગ આનન્દૈક સ્વરૂપ છે તો તેથી સિદ્ધ થાય છે કે કારણરૂપ એવા આપશ્રી પણ આનન્દૈક સ્વરૂપ હોવા જોઇએ.) (૬)

અવતરણિકાઃ—ઉપરના શ્લોકમાં આચાર્યશ્રીની કૃષ્ણાસ્યતા દર્શાવી. હવે આ શ્લોકમાં એ કૃષ્ણાસ્યતાને લીધે પોતે અલૌકિક કાર્યના કર્ત્તા હોઈ આનન્દમય છે એ સિદ્ધ કરવામાં આવે છે.

વિવેચનઃ—વેદમાં સર્ગના આરમ્ભમાં ભૌતિકપદાર્થોની ઉત્પત્તિના ક્રમનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જેમકે '**तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः, आकाशाद्वायुः, वायोरग्निः, अग्नेराप इति.**' અર્થઃ–તેવા આ આત્મામાંથી આકાશ થયું, આકાશમાંથી વાયુ થયો, વાયુમાંથી અગ્નિ થયો, અને અગ્નિમાંથી જલ થયું. આ શ્રુતિમાં ભૂતરૂપ અગ્નિમાંથી ભૂતરૂપ જલની ઉત્પત્તિ કહી છે. કાર્ય અને કારણ એક જાતિના હોવા જોઇએ એવો નિયમ છે. તેથી જો કાર્ય–જલ ભૂતરૂપ છે તો કારણ–અગ્નિ પણ ભૂતરૂપ હોવું જોઇએ. તેથી ઉભય જલ તથા અગ્નિ ભૌતિક છે. તે જ પ્રકારે આચાર્યજી મહાપ્રભુજીએ ભૂતલ પર કૃષ્ણ સેવારસમાર્ગ પ્રકટ કર્યો. એ કૃષ્ણસેવા માર્ગ આનન્દૈક સ્વરૂપ છે અર્થાત્ પરમાનન્દનો સાગર છે. આ પ્રકારે જો કાર્ય કહેતાં પોતે પ્રકટ કરેલો કૃષ્ણસેવા રસમાર્ગ આનન્દમય છે તો એને પ્રકટ કરનાર કારણરૂપ શ્રી વલ્લભાધીશ આનન્દમય હોવા જોઇએ. આ કથન ઉચિત છે. કારણ શું તો કહે છે કે '**हेतुसाम्यं हि कार्ये**' કાર્યમાં હેતુનું–કારણનું સામ્ય છે. અર્થાત્ કાર્યમાં જે ગુણ હોય છે તે કારણમાંથી આવેલા છે. કાર્ય આનન્દમય હોય તો કારણ પણ આનન્દમય હોવું જોઇએ.

આ પ્રકારે શ્રી આચાર્યજી મહાપ્રભુજીનું સ્વરૂપ અતિશય

આનન્દઘન છે અને તેથી એમણે પ્રકટ કરેલો સેવારસ માર્ગ પણ આનન્દ પ્રચુર છે. એમ આપશ્રીની આનન્દમયતા ફલિત થઈ.

પુરૂષોત્તમજીઃ—પ્રામાણ્યવાદિઓ, તથા તાર્કિકો અગ્નિ તથા જલનું ભૂતત્વ સ્વીકારે છે, સત્કાર્યવાદી પણ સત્માંથી જ સત્ની ઉત્પત્તિ સ્વીકારે છે. હેતુસામ્ય સર્વને સંમત છે. આયસપાત્ર–લોઢાના પાત્રો કરવામાં કારણ આયસ–લોઢું જ હોય છે. કટક કુણ્ડલાદિ કાર્યમાં સુવર્ણ હોય તો એનું કારણ પણ સુવર્ણ હોવું જોઇએ. ઉપાદાન અને ઉપાદેયનું–કારણ અને કાર્યનું ઐકજાત્ય લોકમાં તથા વેદમાં સંમત છે. કૃષ્ણસેવારસમાં આનન્દરૂપત્વનો અનુભવ થાય છે તો તે માર્ગના કારણભૂત શ્રી આચાર્યજીને વિષે આનન્દરૂપ નિર્વિવાદપણે સિદ્ધ થાય છે. અને તેથી જ મૂલમાં ' हि ' શબ્દ મૂક્યો છે.

વસ્તુતઃ ' रसो वै सः ' ' તે નિશ્ચય રસ છે ' ઇત્યાદિ શ્રુતિઓનો આન્દમયાધિકરણ તથા લિઙ્ગભૂયસ્ત્વાધિકરણમાં કહેલે પ્રકારે વિચાર કરીએ તો ભગવાન્ જ રસ છે. તે રસ રસશાસ્ત્રની મર્યાદા પ્રમાણે વિભાવ, અનુભાવ તથા વ્યભિચારિભાવરૂપ કરણના સામર્થ્યથી અભિવ્યક્ત થાય છે. જો આ કરણો લૌકિક હોય તો તેથી અભિવ્યક્ત થતો રસ ચાક્ષુષાદિજ્ઞાનવત્ લૌકિક જ છે અને અંશતઃ પ્રકટ થાય છે. જો એ કરણો અલૌકિક હોય તો તેથી પ્રકટ થતો રસ, શાસ્ત્રીય યોગથી ઉત્પન્ન થતા ભગવત્કૃત જ્ઞાનવત્ ઉત્તરોત્તર અત્યન્ત અલૌકિક અને પૂર્ણ જ હોય છે, એ અલૌકિક રસ, માયાનું અપસારણ કરી વેણુગીત તથા પંચાધ્યાયી વિગેરેમાં કહેલી રીત પ્રમાણે પ્રકટ થાય છે એવો નિશ્ચય થાય છે. દ્વાપર યુગને અન્તે એ જ પ્રકારે ભગવાને વેણુગાનાદિ કરી યથાર્થ રસમાર્ગ પ્રકટ કર્યો હતો. તે

પ્રકારે આધુનિક સમયમાં પણ શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ (શ્રી સુબોધિનીજી આદિના) ઉપદેશ દ્વારા રસમાર્ગ પ્રકટ કર્યો છે. એમ આ કાર્યમાં પણ સપરિકર હેતુસામ્ય છે એ જણાવવા 'हि' શબ્દ મૂલમાં છે. શ્રીમહાપ્રભુજીનો સપરિકર વિચાર કરીએ તો પણ પોતે આનન્દમય છે. સેવામાં સમર્પિત વસ્તુનો પ્રભુ જ્યારે અંગીકાર કરે છે ત્યારે તે તે જીવને સ્વસ્વાધિકાર-અનુસાર સેવામાં આનન્દનો વિશેષ અનુભવ થાય છે, તેથી એવી આનન્દમય સેવા જે શ્રી વલ્લભાધીશે પ્રકટ કરી તેમના આનન્દમયત્વને વિષે મન્દ મધ્યમ બુદ્ધિવાળાઓએ પણ વિશ્વાસ રાખવો એ યોગ્ય છે.

ભક્તિરસજલધિઃ—એતન્માર્ગીયોએ સેવા આનન્દથી કરવી જોઇએ. રસાબ્ધિમાં શયન કરતા પ્રભુનું સેવન શ્રી રૂપ જ છે. (૬)

स्वामिन् श्रीवल्लभाग्ने क्षणमपि भवतःसन्निधाने कृपातः
प्राणप्रेष्ठ व्रजाधीश्वर वदनदिदृक्षार्त्तितापो जनेषु ।
यत्प्रादुर्भावमाप्नोत्युचिततरमिदं यत्तु पश्चादपीत्थं-
दृष्टेऽप्यस्मिन्मुखेन्दौ प्रचुरतरमुदेत्येव तच्चित्रमेतत् ७

ભાવાર્થઃ—હે સ્વામિ, શ્રીવલ્લભ, અગ્નિ,! એક ક્ષણ પણ જો આપનું સામીપ્ય થાય, તો આપની કૃપાથી, પ્રાણથી પણ પ્રેષ્ઠ એવા શ્રી વ્રજાધીશ્વરના મુખનું દર્શન કરવાની (તીવ્ર) આર્ત્તિથી જે તાપ જનોમાં પ્રકટે છે, તે

તો ઉચિતતર (=વધારે યોગ્ય) છે. પરન્તુ એ (આપના) મુખચન્દ્રનું દર્શન થઈ રહે, ત્યાર પછી (=આપના અસન્નિધાનમાં પણ), આ (પૂર્વોક્ત) પ્રકારે જ એ આર્ત્તિતાપ પ્રચુરતર (=વધારે તીવ્રતાથી) ઉદય પામે છેજ એ (તો) (ખરેખર) આશ્ચર્યજનક છે ! (૭)

અવતરણિકાઃ—લૌકિકાગ્નિનું નિરાકરણ કરીને અલૌકિક અગ્નિનું હવે નિરૂપણ કરે છે. શ્રી વલ્લભાધીશને વિષે પૂર્વના શ્લોકમાં આનન્દ રૂપત્વનો નિર્ધાર કર્યા પછી હવે એમને વિષે તાપાત્મક-આનન્દ-જનકત્વરૂપ ધર્માન્તર સિદ્ધ કરે છે, અને તેથી પૂર્વોક્ત અગ્નિ ધર્મનું નિરાકરણ કરી આનન્દ સારભૂત અગ્નિરૂપત્વ સિદ્ધ થાય છે.

વિવેચનઃ—મૂલમાં ત્રણ સંબોધન છે. પ્રથમ સંબોધન 'સ્વામિન્' ઐશ્વર્યનું ખ્યાપન (=જ્ઞાપન) કરે છે, કારણ કે સ્વામી=ઇશ્વર એમ કોશ કહે છે. શ્રીવલ્લભ સ્વામી ઇશ્વર સમાન હોઇ જો કૃપા કરે તો એમનું સ્વરૂપ સત્વર જણાય, કારણ કે સ્વામી=ઇશ્વર સર્વકરણ સમર્થ છે. દ્વિતીય સંબોધન '**श्रीवल्लभ**' આપશ્રીનું નામ છે તો પણ ભગવદ્‌ભેદની સ્ફુર્તિથી તે યોગ્યતા સમ્પાદન કરી આપી શકે એમ છે. તૃતીય સંબોધન '**अग्ने**' એમના સ્વરૂપનો બોધ કરે છે. જો જીવો સ્વામિ શ્રી વલ્લભાગ્નિના સામીપ્યમાં એક ક્ષણ પણ આવે તો એમની કૃપાથી તેમને પ્રાણપ્રેષ્ઠ વ્રજાધીશ—શ્રીગોપીજનવલ્લભ—શ્રી ઠાકોર-

જીના દર્શન કરવાની તીવ્રલાલસા થાય છે. પ્રાણપ્રેષ્ઠ શ્રીવ્રજાધીશ્વરના દર્શન કરવામાં અન્તરાય પડે તો આર્ત્તિ થાય છે, અને તે આર્ત્તિ તે જીવને વિષે એક પ્રકારનો તાપ, પ્રકટ કરે છે. જે જીવપર શ્રીમહાપ્રભુજીની કૃપા હોય છે, તેને આવો તાપ–ક્લેશ થાય છે. જેમ લૌકિક અગ્નિની સમીપમાં રહેનારને તાપ થાય છે તેમ આપશ્રીની નિકટમાં રહેનારને તાપ ક્લેશ થાય એ તો યોગ્ય જ છે–ઉચિતતર છે. એમાં કંઇ આશ્ચર્ય નથી. પણ વધારે વિચિત્ર તો એ છે કે એક સમય આપશ્રીના મુખચન્દ્રનું દર્શન થયા પછી આપ શ્રીના અસન્નિધાનમાં પણ, પૂર્વવત્ પ્રચુરતર–અતિ તીવ્ર–તાપ ક્લેશ જીવને થયા વિના રહેતો નથી. (આપ શ્રીના મુખચન્દ્રનું દર્શન જ એવું છે કે તેથી આપશ્રીના સામીપ્યમાં વા અસન્નિધાનમાં શ્રીવ્રજાધીશના દર્શનની આર્ત્તિનો તાપ તીવ્રતાથી જીવને વિષે પ્રકટ થાય જ છે. એ એક વિચિત્રતા છે.)

ઇન્દુ=ચન્દ્ર જલની પ્રકૃતિનો હોઇ તાપહારક હોય છે. શ્રીવલ્લભાધીશનો મુખચન્દ્ર તાપ ક્લેશ જીવને પ્રકટ કરે છે, તેથી એમનો મુખચન્દ્ર સામાન્ય ચન્દ્રથી વિલક્ષણ છે. એમ પ્રતિપાદન કરવા મૂલમાં '**अस्मिन्**' 'આ' પદ '**मुखेन्दौ**' ની સાથે મૂક્યું છે.

શ્રી વલ્લભાધીશનો અગ્નિ વિલક્ષણ છે એ સિદ્ધ કરવા પૂર્વ શ્લોકમાં અનુમાન પ્રમાણ આપ્યું, પણ આ શ્લોકમાં તો પ્રત્યક્ષ પ્રમાણ આપે છે. કે શ્રી મહાપ્રભુજી એવા આનન્દરસાત્મક તાપથી પૂર્ણ છે કે એમના મુખના દર્શન માત્રથી જીવને એ આનન્દરસાત્મક તાપનું દાન થયા વિના રહેતું નથી એ વાત પ્રત્યક્ષ સિદ્ધ છે.

ભક્તિરસજલધિ:—શ્રીરૂપતાનું નિરૂપણ પૂર્વશ્લોકમાં કરી હવે વૈરાગ્યરૂપ કહે છે. મૂલમાં '**श्रीवल्लभ**' નો અર્થ '**श्री.** અને

વલ્લભ ' એવો થાય છે. એ ઉભય તાપાત્મક અગ્નિરૂપ હોવાથી એમના સમીપમાં આવનારને વધારે તાપ લાગે છે. ક્ષણનું સંનિધાન તે સમર્પણ સમયનું સન્નિધાન સમજવું ત્યારે શ્રીના–સ્વામિનીજીના સ્વરૂપનું તથા પ્રભુના સ્વરૂપનું સ્મરણ થવાથી અધિક તાપ લાગે છે.

આપશ્રીના મુખને ચન્દ્રની ઉપમા આપી તેથી જેમ ચન્દ્ર પાણ્ડુર હોય છે તેમ આપશ્રીનું મુખ પણ વિપ્રયોગ તાપને લીધે પાણ્ડુર–ગૌરશ્વેત છે એવું સૂચન થાય છે.

શ્રીવલ્લભાધીશ વિપ્રયોગ તાપથી પૂર્ણ છે. જો કોઈ જન્માદિક ક્લેશયુક્ત જીવ એમના મુખચન્દ્રનું એક સમય પણ દર્શન કરે, તો તેને પોતે કૃપા કરી વિપ્રયોગ તાપનું દાન કરી દે છે. એ વિપ્રયોગ તાપનું દાન થયા પછી તે જીવને પ્રભુ મિલનને અર્થે તીવ્રઆર્ત્તિ થયા કરે છે. પુષ્ટિમાર્ગમાં તાપ ક્લેશ આવશ્યક છે. તો એ તાપ ક્લેશ પ્રાપ્ત કરવા પુષ્ટિમાર્ગીય જીવોએ તે તાપ ક્લેશનું દાન કરનારા શ્રીવલ્લભાધીશના દર્શન અવશ્ય કરવા જોઈએ. એમ આ શ્લોકમાંથી ફલિત થાય છે. (૭)

अज्ञानाद्यन्धकार प्रशमनपटुताख्यापनाय त्रिलोक्या-
मग्नित्वं वर्णितं ते कविभिरपि सदा वस्तुतः कृष्ण एव।
प्रादुर्भूतो भवानित्य[illegible] भवानिग[illegible]क्तमाने[illegible]
त्वां श्री श्रीव[illegible]भेमे निखिल[illegible]धजना गा[illegible]लेशंभजन्ते ८

ભાવાર્થ:—અજ્ઞાનાદિ અન્ધકારને દુર કરતા એવા (આપના) સામર્થ્યની પ્રસિદ્ધિને અર્થે ત્રિલોકમાં કવિઓએ પણુ આપના અગ્નિત્વનું સદ્ભાવર્ણન કર્યું છે. વસ્તુતઃ આપ કૃષ્ણ જ પાદુર્ભૂત થયા છો—એમ અનુભવથી તથા નિગમાદિથી આપને જાણીને હે શ્રી શ્રી વલ્લભ! સર્વ બુધજનો ગોકુલેશને ભજે છે!

અવતરણિકા:-

પૂર્વશ્લોકથી ભગવન્મુખના અધિષ્ઠાતા એવા અગ્નિ ધર્મત્વથી શ્રીઆચાર્યજીના સ્વરૂપનું નિરૂપણ કર્યું હવે આ શ્લોકમાં એમનું પ્રમાણુસિદ્ધ પૂર્ણત્વ કહેવામાં આવશે. અખણ્ડ બ્રહ્મવાદની દૃષ્ટિથી શ્રી કૃષ્ણ સાથે એમનો વાસ્તવ અભેદ સિદ્ધ થાય છે તેથી આપને વિષે સાક્ષાત્ કૃષ્ણત્વ સિદ્ધ થાય છે. અનુગૃહીત (કૃપાપાત્રો)ને તે પ્રકારે જ્ઞાન થાય છે.

વિવેચન:—જેમ લૌકિક અગ્નિ, ગૃહના અન્ધકાર નિવૃત્ત કરે છે તેમ આપશ્રીનો અલૌકિક અગ્નિ તદ્‌વિજાતીય અન્ધકારનું નિવારણ કરે છે. એ વિજાતીય અન્ધકાર કયા તે ગણાવે છે. પ્રથમ તો અજ્ઞાનરૂપ અન્ધકાર જીવને વિષે હોય છે. તો તેની નિવૃત્તિ આપશ્રીનો અગ્નિ કરે છે. પછી **आदि** પદથી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્યાદિ અન્ધકાર સમજવા. તેનું પણ નિવારણ અગ્નિસ્વરૂપ શ્રી મહાપ્રભુજી કરેછે. આ સર્વ અન્ધકાર નિવૃત્ત થાય એટલે તે જીવો શુદ્ધ બ્રહ્મવાદિ અને ભાગવત (ભગવાનનું ભજન કરનારા) થાય છે–

એમ પોતે તત્વાર્થદીપ નામના પોતાના ગ્રન્થમાં કહે છે. એ અન્ધકારો ભગવન્માર્ગના જ્ઞાનમાં પ્રતિબન્ધ કરે છે. તેમને દૂર કરવાનું સામર્થ્ય ચાતુર્યયુક્ત હોવું જોઇએ. આપશ્રીનું એવું ચાતુર્ય યુક્ત સામર્થ્ય ત્રિલોકમાં પ્રસિદ્ધ થાય એ ઉદ્દેશથી કાવઓએ–પૂર્ણજ્ઞાનિઓએ આપના અભિત્વનું વર્ણન નિરન્તર કર્યું છે. કવિ એટલે શ્રોતાના અધિકારાનુસાર તત્વને અનેક પ્રકારે કહે તે કવિ. પૂર્ણ જ્ઞાની હોઇ શ્રીમદાચાર્યજીના સ્વરૂપનું તત્વ જાણતો હોવો જોઇએ.

અભિત્વનું વર્ણન તો આપશ્રીના સામર્થ્યનો બોધ કરવાને અર્થે છે. તેથી કંઇ આપના સ્વરૂપ તત્વનો પૂરેપૂરો ખ્યાલ આવી શકતો નથી. વસ્તુતઃ આપનું સ્વરૂપ શું ? એમ પ્રશ્ન થાય તો શ્રી ગુસાંઇજી મૂલમાં કહે છે કે '**वस्तुतः कृष्ण एव**' અર્થાત્ 'વસ્તુતઃ આપ શ્રી કૃષ્ણ જ પ્રાદુર્ભૂત થયા છો.' એમ નિશ્ચય કરવામાં પ્રમાણ જોઇએ. તો પ્રમાણની ગણના કરવામાં આવી છે. એક તો અનુભવ પ્રમાણ છે. તે નીચે પ્રમાણે છેઃ—

આચાર્યશ્રીના સેવક કૃષ્ણદાસ ક્ષત્રિય હતા. તેમણે કરેલી અસાધારણ સેવાથી શ્રી આચાર્યજી પ્રસન્ન થયા અને કહ્યું કે 'ત્હને જે ઇષ્ટ વસ્તુ હોય તે માગ !' ત્યારે કૃષ્ણદાસે ત્રણ વસ્તુની પ્રાર્થના કરી, એક તો 'સર્વાત્મથી આપશ્રીના (આચાર્યશ્રીના) સિદ્ધાન્તનું જ્ઞાન મ્હને થાઓ !' બીજું 'મ્હારામાં જે કંઇ મૂર્ખતા હોય તો તેને માટે ક્ષમા આપો !' અને ત્રીજું 'હું આપશ્રીને શરણ આવ્યો તે પહેલાં મ્હને એક ગુરૂએ વૈષ્ણવ મન્ત્રનો ઉપદેશ આપ્યો છે તેને ગહે

આપશ્રી ચાલો' આ પ્રમાણે આચાર્યશ્રીએ એ ત્રણ વરનું દાન કર્યું. પછી આચાર્યશ્રીના ગમન પૂર્વે કૃષ્ણદાસ પોતાના ગુરૂને ગૃહે ગયા. તેમને નમસ્કાર કરી આસન લીધું. પછી તે ગુરૂએ તેને પૂછ્યું કે 'મ્હારો ત્યાગ કરી અન્ય ગુરૂ કેમ કર્યા?' ત્યારે કૃષ્ણદાસે ઉત્તર આપ્યોઃ–'મ્હારા ગુરૂ તમેજ છો, અને તમારી કૃપા થઈ ત્યારે મ્હને પુરૂષોત્તમની પ્રાપ્તિ થઈ, ગુરૂ તો તે જ કે જેની કૃપાથી ભગવાન્‌ની પ્રાપ્તિ થાય. અને મ્હને તેજ પ્રકારે સાક્ષાત્ પુરૂષોત્તમ તમારી ગુરૂકૃપાથી પ્રાપ્ત થયા છે! મ્હારા આચાર્ય (શ્રીવલ્લભાધીશ) પુરૂષોત્તમ જ છે, ગુરૂ નથી!'

તે ગુરૂએ કહ્યું 'આચાર્ય (શ્રીવલ્લભાધીશ) પુરૂષોત્તમ જ છે એમ જે તું કહે છે તેમાં શું પ્રમાણ?

ત્યારે કૃષ્ણદાસે કહ્યું કે હું મ્હારા હસ્તની અંજલિમાં જ્વલત્–બળતો અગ્નિ રાખું છુ. જો મ્હારા આચાર્યશ્રી પુરૂષોત્તમ હશે તો એ અગ્નિ મ્હને બાળશે નહિ! નહિ તો એ અગ્નિ મ્હને બાળશે!'

એ પ્રકારે કૃષ્ણદાસે મૂહુર્ત પર્યન્ત બળતો અગ્નિ પોતાના હસ્તમાં ઝાલી રાખ્યો ત્યારે તે ગુરૂને તેના કહેવાનું સત્ય જણાયુ અને ભયભીત થઇ તે અગ્નિને તેના યોગ્ય સ્થાનમાં પાછો મૂકવા આજ્ઞા કરી. આ પ્રમાણે આપશ્રીના પુરૂષોત્તમત્વમાં અનુભવ એક પ્રમાણ છે.

હવે બીજા પ્રમાણુમાં નિગમ કહેતાં વેદ અર્થાત્ શ્રુતિ, પ્રત્યક્ષ, ઐતિહ્ય, અને અનુમાન આ ચતુષ્ટ્ય છે.

'आदि' પદથી પુરાણુ તેમજ તે સ્વરૂપનો અનુભવ કરતા ભક્તોના અન્તઃકરણો પણ આ નિશ્ચય કરવામાં પ્રમાણુ રૂપ છે, એમ સૂચવાય છે.

શ્રી આચાર્યજીએ જે કૃષ્ણુસેવા રસ પ્રકટ કર્યો તેનું સ્વરૂપ આનન્દમય છે. આ ગુણુ એમનું ભગવત્વ સિદ્ધ કરે છે.

'શ્રી' પદ મૂલમાં બે વાર મૂકયું છે તેનું કારણુ એ છે કે શ્રી પરમાનન્દની–પુરૂષોત્તમની–શક્તિના ભેદથી દ્વિરૂપ છે. એ દ્વિરૂપ શ્રીને 'વલ્લભ' પદની સાથે જોડી તેથીં આપશ્રીને વિષે પરમાનન્દત્વ અર્થાત્ પુરૂષોત્તમત્વ જ્ઞાપિત થાય છે.

જેમના પર શ્રી આચાર્યજી મહાપ્રભુજી તથા શ્રી ગુસાંઇજીની પૂર્ણુ કૃપા હોય છે તેમને જ ઉપર્યુક્ત અર્થાવબોધ થાય છે. કૃપાશૂન્ય જીવોને એવો બોધ થતો નથી.

(શ્રી ગોકુલનાથજી તથા શ્રીપુરૂષોત્તમજી.)

ભક્તિરસજલધિઃ—ભગવાન્ ભક્તાતિરિક્તને વિષે વૈરાગ્ય રાખે છે અને ભક્તોને વિષે અનુરાગ રાખે છે તેમ આપશ્રી પણુ સમર્પિત ભક્તોની વસ્તુનો અંગીકાર કરે છે અને તદતિરિક્ત વિષે વૈરાગ્ય રાખે છે. એ પ્રકારે ગત શ્લોકમાં વૈરાગ્ય–રૂપતાનુ નિરૂપણુ કરી આ શ્લોકમાં જ્ઞાનરૂપતાનું નિરૂપણુ કરે છે. તેથી શ્લોકમાં કહે છે કે શ્રી આચાર્યજી અજ્ઞાનાદિ અન્ધકાર દૂર કરવાનું સામર્થ્ય ધરાવે છે. શબ્દાર્થ રસિક કવિઓ પણુ તેથી જ એમનું અમિત્વ વર્ણુવે છે.

'શ્રી વલ્લભાધીશ અગ્નિરૂપ છે' એમાં અનન્તદાસનો અનુભવ પ્રમાણ છે. અનન્તદાસ શ્રી મહાપ્રભુજીના ચરણ ચાંપતા હતા ત્યારે એમને આપશ્રીના અગ્નિત્વને વિષે સન્દેહ થયો. તત્ક્ષણમેવ અનન્તદાસના બન્ને હાથમાં અગ્નિના દાહથી ફોલ્લા પડયા. આ વાત સુપ્રસિદ્ધ છે.

અનુભવાત્મક નિગમરૂપ વ્રજસીમન્તિની–શ્રુતિરૂપ ગોપીજન–ના પ્રમાણોથી સિદ્ધ થાય છે કે આપશ્રી તાપાત્મક અગ્નિ સ્વરૂપે પ્રકટ થયા છે, બુધ જન એટલે ભગવત્સ્વરૂપને જાણનારા અને જેમણે પોતાના આત્માનું આપને સમર્પણ કર્યું છે એવા લોકો તાપાત્મક એવા આ ને એટલે ગોકુલેશને ભજે છે.

અત્રોક્ત સ્વરૂપને જાણીને ભક્તોએ સદા ભજન કરવું. તેમના પર શ્રી આચાર્યજી કૃપા કરશે. આ પ્રકારના સ્વરૂપનું સેવન કરવાથી સર્વદા આપણે નિશ્ચિન્ત થઇએ છીએ.

આ શ્રી વલ્લભાષ્ટકમાં શ્રી વિઠ્ઠલેશ્વરજીએ શ્રી આચાર્યજી મહાપ્રભુજીનું જે સ્વરૂપ પ્રતિપાદન કર્યું છે તેમાં ભક્તોએ સદા નિમજ્જન કરવું.

इति श्रीविट्ठलेश्वर विरचितं श्रीवल्लभाष्टकं

तदुपरि संस्कृतटीकानुवाद सहितं सम्पूर्णम् ॥

श्रीकृष्णाय नमः ॥

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

॥ अथ श्रीचतुःश्लोकी ग्रन्थ. ॥

ઉદ્દેશઃ—શ્રીમદાચાર્યજીએ બાલબોધ ગ્રન્થમાં મર્યાદા માર્ગીય પુરૂષાર્થોનું નિરૂપણ કર્યું. પુષ્ટિમાર્ગીય પુરૂષાર્થો ભિન્ન પ્રકારના છે. તેનું પ્રતિપાદન આ ગ્રન્થમાં શ્રી આચાર્યજી મહાપ્રભુજીએ કર્યું છે. પુરૂષાર્થો ચાર પ્રકારના છે–ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. પુષ્ટિમાર્ગની દૃષ્ટિથી ધર્મ શું, અર્થ શું, કામ શું અને મોક્ષ શું એ દર્શાવવા આ ગ્રન્થ શ્રી મહાપ્રભુજીએ રચ્યો છે. સર્વ શાસ્ત્ર પુરાણ તથા વેદનો સાર શ્રીમદ્ભાગવત છે. તેવું પણ મથન કરી શ્રી મહાપ્રભુજીએ આ ગ્રન્થમાં પ્રતિપાદિત કરેલા ચાર શ્લોક સારરૂપે કાઢેલા છે. તેથી આ ગ્રન્થનું નામ ચતુઃશ્લોકી એવું પોતે આપ્યું છે.

પ્રથમ શ્લોકમાં એવો સાર નીકળે છે કે, એક શ્રી વ્રજના પતિ શ્રી કૃષ્ણનું સર્વ કાળમાં સર્વ ભાવથી અનન્ય ભજન કરવું. અન્ય કોઇ દેવતા વા અવતારનું ભજન સર્વથા ન કરવું. એ પુષ્ટિમાર્ગીય ધર્મરૂપ પુરૂષાર્થ છે.

मू०सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः ।
स्वस्यायमेव धर्मोहि नान्यः क्वाऽपि कदाचन॥१॥

શબ્દાર્થ:—સર્વ કાલને વિષે સર્વાત્મભાવથી વ્રજના અધિપતિ શ્રી કૃષ્ણનું ભજન કરવું–સેવન કરવું–આ જ પોતાના જીવનો (અર્થાત્ નિજ અઙ્ગીકૃત જીવનો) ધર્મ છે. આ વિના કોઈ કાલમાં વા કોઈ પણ દેશમાં અન્ય કોઈ ધર્મ નથી. (૧)

વિવેચન:—આ શ્લોકમાં પ્રભુ પોતે જે જીવનો અઙ્ગીકાર કરે છે તેવા નિજજનનો વા સ્વજનનો ધર્મ દર્શાવે છે. વેદ, ગીતા તથા ભાગવતના સર્વ પ્રમાણોથી સિદ્ધ થાય છે કે શ્રીકૃષ્ણજ પરબ્રહ્મ છે. ગીતામાં ભગવાન્ સ્વમુખે કહે છે કે ' હું ક્ષરથી અતીત છું. તેમ અક્ષરથી પણ અતીત છું તેથા હું લોકમાં તથા વેદમાં ' પુરુષોત્તમ ' એ નામથી પ્રસિદ્ધ છું. ' श्रीकृष्ण ' શબ્દનો અર્થ પરબ્રહ્મ થાય છે ' શ્રીકૃષ્ણાશ્રય ' નામના ગ્રન્થમાં શ્રી આચાર્યજી કહે છે કે:—

' प्राकृताः सकला देवा गणितानन्दकं बृहत् ।
पूर्णानन्दोहरि स्तस्मात् कृष्ण एव गतिर्मम ॥

અર્થાત્ સકલ દેવો (પ્રાકૃત પ્રકૃતિના થયલા) છે (તેથી તેમને વિષે આનન્દ નથી.) બૃહત્ બ્રહ્મ–અક્ષર બ્રહ્મનો આનન્દ ગણિત છે. હરિ પૂર્ણાનન્દ છે તેથા કૃષ્ણજ મ્હારી ગતિ થજો.' વળી પોતે ' શ્રુતિગીતા ' નામના નિજ ગ્રન્થમાં કહે છે કે:—

गुप्तानन्दा यतो जीवा निरानन्दं जगद्यतः ।
पूर्णानन्दो हरिस्तस्माज्जीवैः सेव्यः सुखार्थिभिः ॥

અર્થાત્ ' જીવનો આનન્દ ગુપ્ત છે. જગત્ આનન્દરહિત છે. હરિ પૂર્ણાનન્દ છે. તેથી સુખને ઇચ્છનારા જીવોએ પૂર્ણાનન્દ એવા

હરિનું સેવન કરવું. (તેમણે અન્ય જીવોની વા જગતની સેવા કરવીનહિ) પ્રભુ શ્રી કૃષ્ણ સર્વના સ્વામી છે, અંશી છે. જીવ તે પ્રભુનો અંશ છે. તેથી અંશ-જીવે, અંશી-પ્રભુનું ભજન-સેવન કરવું જોઇએ, એમાં 'यो यदंशः स तं भजेत्' અર્થઃ—'જે જેનો અંશ હોય તે તેનું ભજન કરે' આ વાક્ય પ્રમાણ છે.

શ્રીમદ્ ભાગવતમાં રાસપંચાધ્યાયીમાં ભગવાને ગોપીજનોને કહ્યું કે તમે તમારા લૌકિક પતિનું સેવન કરો ત્યારે તેમણે ભગવાનને ઉત્તર આપ્યો કે 'લૌકિક પતિ, પુત્ર, આપ્ત, બન્ધુ વિગેરે તો અમને દુઃખ આપનારા છે, તો તેમનું સેવન કરવાથી અમને શું લાભ થવાનો છે ? આપ વ્રજાધીશ-જ દેહીઓના બન્ધુ છો, આત્મા છો, આપ નિત્ય પ્રિય છો તેથી કુશલ જીવો તો આપને વિષે જ રતિ કરે છે.' શ્રી વ્રજાધીશને શરણ જવાથી અને તેમનું સેવન કરવાથી પૂર્ણાનન્દનું દાન થાય છે. મૂલમાં 'व्रजाधिप' એ શબ્દ મૂક્યો છે તેથી એમ સૂચવાય છે કે 'વ્રજમાં લીલા કરતા એવા *શ્રીકૃષ્ણના સ્વરૂપનું સેવન કરવું જોઇએ. વ્રજથી અતિરિક્ત સ્થલે કાર્ય કરતા વિભૂતિ વા મર્યાદા સ્વરૂપનું સેવન ન કરવું.' શ્રી વ્રજાધીશની સેવા સર્વાત્મ ભાવથી કરવી જોઇએ. દેહ, પુત્ર, ગૃહ, સ્ત્રી, વિત્ત, પ્રાણ આત્માદિ સર્વનો વિનિયોગ પ્રભુને વિષે કરવો જોઇએ. એ પ્રકારે સર્વાત્મ ભાવપૂર્વક અનન્ય ભાવથી વ્રજાધીશની સેવા કરવી એજ પુષ્ટિમાર્ગીય ભગવદીયનો સર્વ કાલને વિષે અને સર્વ સ્થલને વિષેનો ધર્મ છે. આ વિના

---

* कृषि र्भूवाचकः णश्चनिर्वृति वाचकः तयोरैक्यं परंब्रह्म इत्याभिधीयते। कृष्+ण=कृष्णः। कृष्+भू=सत्ता; ण=निर्वृतिः આનન્દ તેથી કૃષ્ણ=સદાનન્દ પરબ્રહ્મ.

અન્ય કોઇ ધર્મ નથી. 'સ્વધર્મમાં મૃત્યુ સારૂં પણ ભયોત્પાદક પરધર્મનો આશ્રય સર્વથા ન કરવો' એ ગીતા વાક્યને અનુસરી, વ્રજેશ શ્રીકૃષ્ણચન્દ્રનું સેવન કરવા રૂપ સ્વધર્મમાં પુષ્ટિમાર્ગીય ભગવદીયે તત્પર રહેવું, આ ધર્મરૂપ પ્રથમ પુરૂષાર્થ છે; (૧)

હવે આ દ્વિતીય શ્લોકમાં પુષ્ટિમાર્ગીય ભક્તના અર્થરૂપ પુરૂષાર્થનું નિરૂપણ કરવામાં આવે છે.

मू०एवं सदास्म कर्त्तव्यं स्वयमेव करिष्यति ।
प्रभुः सर्वसमर्थो हि ततो निश्चिन्ततां व्रजेत्॥२॥

ભાવાર્થઃ—'આ લોક સમ્બન્ધી અને પરલોક સમ્બન્ધી સર્વ પ્રકારના અર્થો ભગવાન્ જ સિદ્ધ કરશે કારણ કે પ્રભુ સર્વ સમર્થ છે' એવો વિશ્વાસ રાખી ભગવદીયે નિશ્ચિન્ત થવું જોઇએ. (૧)

વિવેચનઃ—સર્વાત્મભાવપૂર્વક જે ભગવદીયે પોતાનું સર્વસ્વ ઐહિક તથા પારલૌકિક—પ્રભુને સમર્પણ કર્યું છે તે ભગવદીયે પોતાનો દેહનિર્વાહ કોણ કરશે એવો વિચાર પણ લાવવાની જરૂર નથી. જે ભગવદીય પોતાનો આત્મા પણ પ્રભુને સમર્પે છે તેનું ઉદર પોષણ કરવાની ચિન્તા પ્રભુને છે. શ્રી આચાર્યજી મહાપ્રભુજી કહે છે કેઃ—

सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत् ।
यावज्जीवं तस्य नाशो न क्वापीति मतिर्मम ॥

અર્થાત્ ' જે ભક્તની સેવામાં અથવા કથામાં દૃઢ આસક્તિ થઇ છે તેનો જ્યાં સુધી તે જીવે છે ત્યાં સુધી નાશ કદાપિ થતો નથી એવી મ્હારી માન્યતા છે.' તેમજ પોતે શ્રુતિગીતામાં પણ કહે છે કે—

नृणां दुर्गतिमालोक्य ये सेवन्ते दृढव्रतः ।
कृष्णं तद्भ्रुकुटिः कालो न तान् हन्ति कदाचन ॥

અર્થ:—જીવોની દુષ્ટ ગતિ થતી જોઇને જે જીવો દૃઢ વ્રત પૂર્વક શ્રી કૃષ્ણની સેવા કરે છે તેમને ભગવાનની ભ્રુકુટિરૂપી કાલ ક-દાપિ ભક્ષી શકતો નથી.' કરાલ કાલ સર્વતઃ સર્વ જીવોનું ભક્ષણ કરી રહ્યો છે, પણ જે જીવો દૃઢ આસક્તિથી ભગવાનની સેવા કરે છે તેમના પર ભગવાનના નેત્રો કૃપા વર્ષાવે છે. અર્થાત્ તેમનો યોગ ક્ષેમ સારી રીતે ચલાવ્યા જાય છે. તેમના ઉપર પ્રભુ પોતાની ક્રોધ યુક્ત ભ્રુકુટિ ફેરવતા નથી. અને તેથી એ ભ્રુકુટિમાં સ્થિતિ કરીને રહેતો એવો કાલ ભગવદ્ભક્તને કંઇ કરી શકતો નથી. શ્રી વ્રજા-ધીશ સર્વ સમર્થ છે અને તે ભક્તના સર્વ અર્થ સિદ્ધ કરશે એવો વિશ્વાસ રાખવો. ' મ્હારો ઉદર નિર્વાહ કેમ થશે ' એવી ચિન્તા ભક્તે કરવી નહિ. શરણાગત જીવોનો યોગ ક્ષેમ ભગવાન્ ચલાવે છે એવી પ્રતિજ્ઞા ભગવાને ગીતામાં કરી છે. યોગ એટલે સર્વ વસ્તુને સમ્પાદન કરી આપવી; અને ક્ષેમ સમ્પાદિત કરેલી વસ્તુઓનું રક્ષણ કરવું. આ બન્ને પ્રભુ ભક્તને સિદ્ધ કરી આપે છે. ભગવાન્ ભક્તને અધીન છે. ભક્તવત્સલ પ્રભુ નિજ સેવકોનું ઉદર પોષણ કરશે જ કરશે. એવો દૃઢ વિશ્વાસ રાખી પુષ્ટિમાર્ગીય ભગવદીયોએ નિશ્ચિન્તપણે પ્રભુની સેવા કરવી. જ્યાં લૌકિક ચિન્તાનો આવેશ થયો કે તુરત

ભગવદ્ભજન તથા ભગવદ્ભાવ ચાલ્યા જાય છે. તેથી તદીયોનો અથ પણ પ્રભુ જ છે એમ સમજી એમનું સેવન સર્વ ભાવથી કરવું (૨)

मू०यदि श्रीगोकुलाधीशो धृतः सर्वात्मना हृदि।
ततः किमपरं ब्रूहि लौकिकैर्वैदिकैरपि ॥ ३ ॥

શબ્દાર્થ:—જો શ્રી ગોકુલાધીશ શ્રી કૃષ્ણ હૃદયમાં સર્વાત્મભાવથી સ્થિર થયા તો પછી લૌકિક તથા વૈદિકથી પણ કયો મનોરથ સિદ્ધ કરવાનો બાકી રહે છે તે કહો. (અર્થાત્ લૌકિક તથા વૈદિકથી સિદ્ધ કરવાનું કંઇ પણ રહેતું નથી. કારણ કે સર્વ મનોરથ પૂર્ણ કરનાર શ્રી કૃષ્ણ-ચન્દ્ર હૃદયમાં સ્થાપિત થયા ત્યારથી સર્વ મનોરથ આપો આપ સિદ્ધ થઈ જશે.)

આ તૃતીય શ્લોકમાં કામ નામના પુરૂષાર્થનું નિરૂપણ કહે છે.

વિવેચન:—શ્રી ગોકુલાધીશ શ્રીકૃષ્ણચન્દ્ર ભક્તના હૃદયમાં બિરાજમાન થઇ ભક્તની ઇચ્છા જાણે છે. પોતાની ઇચ્છાનુસાર ભક્તના તે તે મનોરથ પૂર્ણ કરે છે. સર્વ મનોરથ પૂર્ણ કરનાર શ્રીકૃષ્ણચન્દ્ર હૃદયમાં વિરાજ્યા પછી લૌકિક તથા વૈદિક સાધનોથી સિદ્ધ કરવાનો કયો મનોરથ બાકી રહે છે ? લોક તથા વેદના નિયમાનુસાર વર્ત્તન કરનારાઓના જે જે મનોરથ સિદ્ધ થાય છે તે પણ શ્રીકૃષ્ણચન્દ્રની આજ્ઞાથી જ સિદ્ધ થાય છે. અન્ય દેવતાની ઉપાસનાથી જે ફલ થાય છે તે પણ શ્રીકૃષ્ણચન્દ્રની કૃપાથી જ થાય છે. કારણ કે ફલદાતા ભગવાન્ છે. તે તે દેવતા તે તે ઉપાસકને ફલદાન કરવાનું સામર્થ્ય

શ્રી ભગવાન્ પાસેથીજ પ્રાપ્ત કરે છે. એટલે મૂલ ફલદાતા પ્રભુ શ્રીકૃષ્ણ-ચન્દ્ર જ છે અન્ય દેવતાના ઉપાસકોને તુચ્છ ફલ થાય છે, પુણ્ય ક્ષીણ થાય એટલે તે તે દેવતાના લોકમાંથી તે તે જીવને પુનઃ સંસારમાં પર્યટન કરવું પડે છે. પરન્તુ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરનારને શ્રીગોકુલા-ધીશની પ્રાપ્તિ થાય છે, જે પ્રાપ્તિ થયા પછી સંસારનો નાશ થાય છે, અને પરમાનન્દનો અનુભવ થાય છે. તેથી લૌકિક વૈદિક સર્વ સાધનોની અપેક્ષા વિના શ્રીકૃષ્ણચન્દ્રને હૃદયમાં ધારણ કરવા. જ્યારે પ્રભુ અન્ય દેવના ઉપાસકોના પણ મનોરથો પૂર્ણ કરે છે તો પછી શરણાગત ભક્તોના મનોરથ પૂર્ણ કરેજ એમાં શું આશ્ચર્ય ? આ પ્રકારે પરમતત્વ શ્રીગોકુલાધીશને હૃદયમાં સ્થિર કરવા એ પુષ્ટિમાર્ગીય ભગવદીયનો કામરૂપ તૃતીય પુરૂષાર્થ છે. (૩)

मू०अतः सर्वात्मना शश्वद्गोकुलेश्वरपादयोः
स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मतिः॥४॥

શબ્દાર્થ:—શ્રી ગોકુલેશ હૃદયમાં વિરાજમાન થયા એટલે નિરન્તર સર્વાત્મભાવથી શ્રી ગોકુલેશના ચરણ કમ-લનું સ્મરણ તેમજ ભજન—સેવન પણ કરવું. સ્મરણ અને ભજન—સેવન—આ બેનો કદાપિ ત્યાગ ન કરવો એવી મારી મતિ છે. (૪)

ઉપરના ત્રણ શ્લોકોમાં ધર્મ, અર્થ તથા કામ એ ત્રણ પુરૂષાર્થોનું નિરૂપણ કરી હવે આ ચતુર્થ શ્લોકમાં મોક્ષ નામના ચતુર્થ પુરૂષાર્થનું નિરૂપણ કરે છે.

વિવેચન:—આ શ્લોકમાં શ્રી ગોકુલેશ્વર શ્રી કૃષ્ણચન્દ્રનું સ્મરણ તથા ભજન-સેવન, નિરન્તર કરવું એવી આજ્ઞા છે. સેવાના સમયમાં ભજન એટલે સેવન કરવું-સંયોગ રસનો અનુભવ કરવો. અનોસરમાં-સેવાના બાકીના સમયમાં વિપ્રયોગ અનુભવવો એટલે કે પ્રભુનું સ્મરણ-ચિન્તન કરવું. આ પ્રકારે સેવારસ તથા કથારસનો અવિચ્છિન્ન પ્રવાહ અહોરાત્ર ચાલવો જોઇએ. સેવા સમય ભજન-સેવન-સંયોગ રસનો અનુભવ, તથા અનોસરમાં સ્મરણ-ચિન્તન-કથારસનો અનુભવ-આ બ રસ જ્યારે પૂર્ણ જામે ત્યારે આસુરાવેશ થતો નથી. જો સ્મરણ તથા ભજન પ્રતિદિન ચાલ્યા જ કરે તો તે જીવ સંસારના પાશમાંથી મુક્ત જ છે. તેથી શ્રી આચાર્યજી મહાપ્રભુજી અન્તમાં આજ્ઞા કરે છે કે, શ્રી ગોકુલેશ્વરના ચરણ કમલનું સ્મરણ તેમજ ભજન એ બેનો ત્યાગ સર્વથા ન કરવો.

પુષ્ટિમાર્ગીય તદીયોએ એકલા સ્મરણથી પણ સન્તોષ ન પામવો તેમ એકલા ભજન-સેવનથી પણ સન્તોષ ન પામવો એ ઉદ્દેશથી ‘ स्मरणं भजनं चापि ’ ‘ સ્મરણ અને ભજન પણ ’ એવા બન્ને પદનો નિર્દેશ મૂલમાં કર્યો છે.

ઉપસંહાર:—સર્વ કોઈ કાલમાં ગમે તે સમયમાં સર્વ ભાવથી ભજન કરવા યોગ્ય એક શ્રી વ્રજાધીશ-શ્રી ગોવર્ધનધરણ છે. સર્વ શાસ્ત્ર, પુરાણ, વેદાદિનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ જ્યારે શ્રી વ્રજાધીશના ચરણારવિન્દમાં ભક્તિ થાય ત્યારે જ કૃતાર્થ થવાય છે. આ પ્રથમ શ્લોકનું સ્વારસ્ય છે.

લૌકિક વા વૈદિક કોઈ પણ પ્રકારનો અર્થ પ્રાપ્ત કરવાની ચિન્તા ન કરવી. કારણ કે પ્રભુ સર્વ સમર્થ છે. અને તે, ભક્તોનું કાર્ય સિદ્ધ કરશે. ચિન્તા રાખવી તો શ્રી ઠાકોરજીની સેવા સમ્બન્ધી જ રાખવી કે આજે મ્હારાથી પ્રભુની સેવા થઈ નાહે ' લૌકિક ચિન્તા આસુરાવેશ ઉત્પન્ન કરે છે અને ભગવદ્ભાવનો નાશ કરે છે તેથી એ ત્યાજ્ય છે. આ દ્વિતીય શ્લોકનું સ્વારસ્ય છે.

આત્મ સમર્પણ કરી શ્રીગોકુલાધીશ-શ્રીનાથજીનું ભજન તથા સ્મરણ કર્યા કરવું ત્યારે લૌકિક વદિકાદિ સર્વ છુટી જાય છે. શ્રી ગોકુલાધીશ હૃદયમાં પધારે ત્યારે સર્વ બાધક આપોઆપ છુટી જાય છે. જેમ જલમાં કમલ રહે પરન્તુ જલનો સ્પર્શ ન કરે તેમ વૈષ્ણવે સંસારમાં રહેવું પણ સંસારમાં આસક્ત ન થવું. સંસારમાંથી ચિત્તને દૂર કરી શ્રી વ્રજાધીશના ચરણારવિન્દમાં પરોવવું આ તૃતીય શ્લોકનું સ્વારસ્યછે.

શ્રીઠાકોરજી-શ્રીગોકુલેશ-શ્રીકૃષ્ણચન્દ્ર પ્રાણીમાત્રના જીવનરૂપ છે. તેથી એમના ચરણારવિન્દનું સ્મરણ તેમજ ભજનનો ત્યાગ સર્વથા ન કરવો. એ ચતુથ શ્લોકનું સ્વારસ્ય છે.

इति श्रीमद्वल्लभाचार्य विचरिता चतुःश्लोकी समाप्त.

નિજવાર્તા, ઘરૂવાર્તા, તથા બેઠક ચરિત્ર.

આ ગ્રન્થમાં શ્રી આચાર્યજી મહાપ્રભુજીની નિજવાર્તા, ઘરૂવાર્તાના ૫૧ પ્રસંગની વાર્તા તથા શ્રી આચાર્યશ્રીએ પોતે ત્રણ વખત પૃથ્વિ પરિક્રમા કરી, અનેક કષ્ટો વેઠી, ધર્મનું દ્વંદ્વ યુદ્ધ કરી, માયામતનું ખંડન કરી, દિગ્વિજય કરી, ભક્તિમાર્ગ-પુષ્ટિમાર્ગની સ્થાપના કરી દૈવિજીવોને શરણે લેઇ જે જે અલૌકીક ચમત્કારો જણાવ્યા ને પોતાની ૮૪ બેઠકો સ્થાપિત કરી તે બેઠકોનું સવિસ્તર વર્ણન તથા તેવીજ રીતે શ્રીમત્પ્રભુચરણ શ્રી ગુસાંઇજી, જ્યેષ્ટલાલજી શ્રી ગિરિધરજી, ચતુર્થલાલજી શ્રી ગોકુળનાથજી (માળા પ્રસંગવાળા), પંચમલાલજી શ્રી રઘુનાથજી તથા મહાનુભાવી શ્રી હરિરાયજી (મહાપ્રભુજી શીક્ષાપત્ર આદિ અનેક ગ્રન્થોના કર્તા) આદિ બાળકોએ પણ પૃથ્વિ પર્યટન કરી, દૈવી જીવોને શરણે લેઈ, સ્વધર્મનાં તત્ત્વો સમજાવી, ધર્મનું પોષણ કરી, માર્ગનો પ્રકાશ કરી, પોતાની બેઠકો સ્થાપિત કરી તેનું ચરિત્ર-સવિસ્તર વર્ણન, પ્રાચિન અને અપ્રસિદ્ધ હસ્ત લીખીત ગ્રન્થોમાંથી શોધન કરી એકત્ર કરી આ ગ્રન્થ મોટા અક્ષરથી છપાવ્યો છે. ન્યોચ્છાવર રૂ. ૩-૮-૦ ત્રણ રૂપીઆ આઠ આના.

पंचामृत.

મહાન્ અનુભવી પરમ ભગવદિય “વ્યાસદાસ” કૃત. અનુભવૈક ગમ્ય મહાગુઢ વિષયો ભક્તિ, નીતિ, જ્ઞાન, વૈરાગ્ય મનને શીખામણ, દીનતા, આશ્રય, વગેરે વિષયોનું ગાવાના રાગમાં-દોહા, ચોપાઇમાં પંચામૃત-પાંચઅમૃત. ૧ શિક્ષામૃત ૨ દૈન્યામૃત ૩ સ્નેહામૃત ૪ સ્વપ્ન સાર-૫ ધનયાત્રક ૬ આ પાંચ અમૃતદ્વારા વૈષ્ણવોને શ્રી મહાપ્રભુજી, શ્રી વલ્લભકુળનો દૃઢ આશ્રય, ધૈર્યનું અનુપમ વર્ણન કરી સ્પષ્ટ સમજાવ્યુંછે. ખાસ મનન કરવા જેવો આ ગ્રન્થછે. કી.રૂ.૦-૮-૦

શ્રીમદ્ વિઠ્ઠલનાથજીના ચતુર્થ લાલજી (માળા પ્રસંગવાળા)

શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર

બે ભાગમાં, સચિત્ર, તેમના બાલ, કુમાર અને આચાર્ય સ્વરૂપના ત્રણ ઉત્તમ ફોટા સાથે, એમની બાલ, પૌગંડ, કીશોર અને વૃદ્ધાવસ્થાની અપ્રાકૃત લીલા, માળા પ્રસંગ વખતે ચિદ્રૂપ સન્યાસી સાથે કરેલા માળા તીલકનો સપ્રમાણ શાસ્ત્રાર્થ વગેરે.

આ શ્રીગોકુલેશજીએ માળા તિલકનો વિજયધ્વજ ફરકાવવા, ધર્મનું દ્વંદ્વ યુદ્ધ કરવા, પોતાની ૭૦ વર્ષની વૃદ્ધવયે, જહાંગીર જેવા બાદશાહ સામે, કાશ્મીર જેવા વિકટ પ્રદેશમાં, પર્યટન કરી, મહાન્ પરિશ્રમ અને અત્યન્ત કષ્ટ સહન કરી, વિજયધ્વજ ફરકાવી, પોતાની અડગ ટેક ટકાવી રાખી હતી જે સવ કોઈ વૈષ્ણવના જાણવામાં છે. અને જેને આપણે ટુંકામાં માળા પ્રસંગ કહીએ છીએ. તેનું સવિસ્તર વૃતાન્ત ૩૦૦ વર્ષના પ્રાચિન હસ્ત લીખીત ગ્રન્થોમાંથી શ્રીગોકુલેશ પ્રભુની સૃષ્ટિનાં ઘણાં ગામોમાં ફરી, મહાન્ પરિશ્રમે, સાત વરસના સતત્ પ્રયત્ને, નીચેનાં પ્રકરણો મુજબ છપાવી બહાર પાડયો છે.

ભાગ ૧ લો:—પ્ર. ૧ કુટુંબની પૂર્વપીઠીકા. પ્ર. ૨. શ્રીગોકુલેશજીનું પ્રાકટ્ય, પ્ર. ૩ શ્રીમદાચાર્યજી, શ્રીગોકુલેશજીનાં પ્રાકટ્ય સંબંધમાં વેદ, પુરાણાદિકનાં પ્રમાણો. પ્ર. ૪. પ્રાકટ્ય ઉત્સવ, પ્ર. ૫ વર્ષ ગાંઠનો ઉત્સવ, પ્ર. ૬ બાળલીલા, પ્ર. ૮ પૌગંડલીલા, પ્ર. ૯ ઉપનયન સંસ્કાર, પ્ર. ૧૦ વિદ્યાભ્યાસ; પ્ર. ૧૧ અડેલથી ગઢા, પ્ર. ૧૨ ગઢામાં નિવાસ, પ્ર. ૧૩ ગઢાથી મથુરા પ્રવાસ, પ્ર. ૧૪ જન્માષ્ટમી નિર્ણય અને શ્રીગોવર્ધનનાથજીનો પરોણાચાર, પ્ર. ૧૫ શ્રીજીનો ગૃહ-

સ્થાશ્રમ અને શ્રીગુસાંઇજીનું પરોક્ષ પ્ર. ૧૭ કુટુંબની વહેંચણી, પ્ર. ૧૮ ગુજરાતનો પરદેશ પ્ર. ૧૯ પિતૃઋણ, પ્ર. ૨૦ કુરૂક્ષેત્રની યાત્રા.

ભાગ ૨ જોઃ—માળાપ્રસંગની સમ્પૂર્ણ હકીકત, પ્ર. ૧ માળાના મામલાનો હેતુ, પ્ર. ૨ ચિદ્રૂપની શીખવણીથી જહાંગીરે કરેલો માળા ઉતારવાનો હુકમ, પ્ર. ૩ ચિદ્રૂપ અને શ્રીગોકુલેશજીની મુલાકાત તથા તેમણે કરેલો માળા-તિલકનો શાસ્ત્રાર્થ, પ્ર. ૪ જહાંગીર સાથે શ્રીજીની માલાના રક્ષણ માટે પ્રથમ મુલાકાત, પ્ર. ૫ ચિદ્રૂપે મથુરામાં વર્તાવેલો કેર તથા શ્રીજીની માલા ઉતરાવવાના ઉપાયો, પ્ર. ૬ સમ્પ્રદાયમાં માલા-તિલકનું સ્થાન, પ્ર. ૭ શ્રીજીનું મથુરા ગમન અને માળા નહિ ઉતારવાનો દૃઢ સંકલ્પ, પ્ર. ૮ સંન્યાસીની ગુફાએ શ્રીજીનું પધારવું, પ્ર. ૯ ભક્તોનો વિરહાનલ, પ્ર. ૧૦ કાશ્મીરનો પ્રવાસ, પ્ર. ૧૧ બાદશાહની મુલાકાત, પ્ર. ૧૨ કાશ્મીરથી શ્રીગોકુલ, પ્ર. ૧૩ શ્રીગોકુલથી સોરમજી, પ્ર. ૧૪ સોરમમાં વાસ, પ્ર. ૧૫ ચિદ્રૂપની કપટજાળ ખુલ્લી થઇ અને બાદશાહે શ્રીજીને શ્રીગોકુલ પાછા બોલાવ્યા, પ્ર. ૧૬ શ્રીગોકુલ પુનરાગમન, પ્ર. ૧૭ શ્રીમદ્ ગોકુલ દૃઢવાસ.

ઉપર પ્રમાણે પ્રકરણો સાથેનો આ ગ્રન્થ જાડા ચીકણા કાગળમાં છપાવી સુશોભીત ત્રણ ફોટા સાથે ૭૦૦ પાનાંનો મોટો ગ્રન્થ, શુદ્ધ સ્વદેશી ખાદીનું પાકું પુઠા સાથે તૈયાર કર્યો છે આટલું છતાં ન્યોછાવર માત્ર રૂ. ૪-૦-૦ ચાર રૂપીઆજ રાખી છે. આ પુસ્તકની અમારી સાત વરસની મહેનતના પ્રમાણમાં કીંમત વધારે નથી એમ પુસ્તક જોતાંજ વાચક બન્ધુઓને ખાતરી થશે. આશા છે કે આ ગ્રન્થ તો જરૂર દરેક વૈષ્ણવો ખરીદ કરી વાંચશે માળા પ્રસંગની હકીકત દરેકે વાંચવા જેવી છે.

આખા હિન્દુસ્તાનમાં આવેલાં વૈષ્ણુવ સમ્પ્રદાયનાં સઘળાં સ્થળોની સમ્પૂર્ણ માહીતીવાળુ ' અતિ ઉત્તમ ને ઉપયોગી પુસ્તક

'તીર્થયાત્રાનો હેવાલ.'

(ખાસ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને માટે)

સમસ્ત આર્યાવર્ત-(ભારતવર્ષ હિન્દુસ્તાન) માં આવેલાં વૈષ્ણુવ સમ્પ્રદાયનાં સઘળાં તીર્થયાત્રાનાં સ્થળોનું વર્ણન, ત્યાં ઉતરવાનું સાધન રેલ્વે સ્ટેશન, સ્ટીમર, પગ રસ્તાની માહીતી, ત્યાં યાત્રાનાં સ્થળો, મંદિરો કેટલાં છે. તેની હકીકત, શાસ્ત્રો-પુરાણોમાં આપેલું તેનું માહાત્મ્ય, પ્રાચીન ઐતિહાસિક ને પૌરાણિક હકિકત. હાલની જાણવા જેવી માહીતી, તીર્થોનાં ચમત્કારિક વૃત્તાન્ત, ત્યાં મંદિરોમાં બિરાજતા શ્રી ઠાકોરજી કયાંથી પ્રાપ્ત થયા, કોણે સેવ્યા, કોણે સેવા કરેલી, કોને માથે બિરાજે છે, ત્યાં શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી આદિની બેઠકો છે તેની સમ્પૂર્ણ માહીતી, યાત્રાળુઓને માટે પ્રત્યેક સ્થળમાં કેટલી સગવડ છે, પડતી અગવડ માટે શું ઉપાય શોધવા, ત્યાં ગયા પછી યાત્રાળુઓનું કર્ત્તવ્ય, ચોબા-ગોર-બ્રાહ્મણો સાથે કેવી રીતે વર્તવું, ખાસ કરીને વૈષ્ણુવ બન્ધુઓનો શ્રીનાથજી અને વ્રજચોરાશી કોશની પરિક્રમા કરવાનો હેતુ, વ્રજયાત્રા ચોરાશી કોશની પરિક્રમાનાં સઘળાં નાનાં મોટાં તીર્થો, સ્થળો-કુંડો વગેરેની ઉત્પત્તિ-માહાત્મ્ય, ભાવના વગેરે સમ્પૂર્ણ માહિતી અમોએ ત્રણ વખત વ્રજ પરિક્રમા કરી શોધન કરી દાખલ કરી છે.

પ્ર. ૧ ભારતવર્ષની રૂપરેખા, પ્ર. ૨ યાત્રાનો ઉદ્દેશ ને તેના હેતુ. પ્ર. ૩ યાત્રાળુઓને ખાસ ઉપયોગી સુચના. પ્ર. ૪ શ્રીમદ્વલ્લભાચાર્યજીનું ટૂંક જીવન વૃતાન્ત; પ્ર. ૫ મુંબાઇથી આણંદ અને વડોદરાથી

ગોધરા સુધી પ્ર. ૬ આણંદથી અમદાવાદ, ખંભાત, નડીઆદ, કપડ-વણજ, પ્ર. ૭ અમદાવાદથી વિરમગામ, પ્રાંતીજ, શ્રીકોટચર્કજી, શ્રીશ્યા-મળાજી, ધોળકા. પ્ર. ૮ આણંદથી માવલી–ડાકોર, અલીણા. ગોધરા, ચીતોડ. માવલી. પ્ર. ૯ શ્રીનાથદ્વાર, કાંકરોલી, ઉદેપુર, શ્રીએકલીંગજી, (મેવાડ) પ્ર. ૧૦ અમદાવાદથી અજમેર (કડી, વિસનગર, ખેરાળુ, સિદ્ધપુર, આબુ) પ્ર. ૧૧ માવલીથી મથુરાં (પુષ્કરરાજ, કીસનગ-ઢમાં શ્રીમહાપ્રભુજીના પ્રાચીન ચિત્રજી બિરાજે છે તેનો ઇતિહાસ) પ્ર. ૧૨ કાઠીયાવાડ અને કચ્છ, પ્ર. ૧૩ ઉજ્જન, બુંદી, કોટા, જોધપુર, બિકાનેર, જેસલમેર, સિંધ, પંજાબ ને હરદ્વાર પ્ર. ૧૪ મથુરા—વ્રજપરિક્રમા—વ્રજભુમીનો ભાવ શ્રીહરિરાયજી વિરચિત **बहिर्मुखत्व निरूपणग्रन्थ** ટીકા સાથે " **बहिर्मुखत्वनिवृत्तिः** ટીકા સાથે, વ્રજયાત્રાનું માહાત્મ્ય, ૮૪ કોશ પરિક્રમાનાં ધામો. ગિરિરાજ, કામવન, બરસાના, નંદગામ, વૃન્દાવન, શ્રીદાઉજી, શ્રીગોકુલ વગેરે દોઢ મહિનાની પરિક્રમા કરવામાં આવતાં તમામ સ્થળોની સંપૂર્ણ માહીતી. પ્ર. ૧૫ ઉત્તર હિન્દુસ્તાનની યાત્રા. પ્ર. ૧૬ મથુરાથી કાશી, અયોધ્યા અને કલકત્તા. પ્ર. ૧૭ મુંબાઇથી નાશક, ત્રંબક, શ્રી ચંપારણ્ય થઇ શ્રી જગન્નાથપુરી. પ્ર. ૧૮ શ્રીજગન્નાથજીથી રામેશ્વર, પ્ર. ૧૯ રામે-શ્વરથી મુંબાઇ, તામ્રપર્ણી, તોતાદ્રિ, પદ્મનાભ, જનાર્દન, મલયાચલ, શ્રીરંગજી. પંપાસરોવર, વિદ્યાનગર, કૃષ્ણાનદી, પંઢરપુર. શ્રી વિઠ્ઠલ-નાથજી, પુના, મુંબાઇ. પ્ર. ૨૦ ઉપસંહારમાં યાત્રાનાં સ્થળોએ જવાને માટે રેલ્વે સ્ટેશનનો રસ્તો જંકશન વગેરેની સમ્પૂર્ણ માહીતી આપી છે. ગ્રન્થ લગભગ ૬૦૦ પૃષ્ઠનો સઘળાં તીર્થોની માહીતી વાળો, અપૂર્વ ગ્રન્થ આવા પ્રકારનો આ એકજ છે. માટે દરેક વૈષ્ણવ બન્ધુઓએ અવસ્ય ખરીદી લેવા ચુકવું નહિ,કીં. રૂ. ૩-૦-૦રાખીછે.

અમારા તરફથી પ્રકટ થએલાં પુસ્તકો.

૧ વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૧ લો. આવૃત્તિ ૪ થી. ૧-૪-૦
૨ વિવિધ ધોળ તથા પદ સંગ્રહ ભાગ ૨ જો. આવૃત્તિ ૨ જી. ૧-૦-૦
૩ શ્રી ગો.કુલેશજીનાં ધોળ તથા પદ સંગ્રહ. ૧-૦-૦
૪ નિત્યનિયમના પાઠ તથા ધોળ (આવૃત્તિ ૫ મી) ૦-૪-૦
૫ શ્રી.ગો.કુલનાથજીનાં ૨૪ વચનામૃત. (ગુજરાતી) ૦-૪-૦
૬ બ્રહ્મસંબંધ કાવ્ય (આવૃત્તિ ૩ જી) ૦-૬-૦
૭ શ્રીકૃષ્ણસ્તોત્ર રત્નાકર (મુળ શ્લોક સાથે ગુ. ટીકા) ૦-૧૨-૦
૮ શ્રીપુરૂષોત્તમસહસ્રનામસ્તોત્ર (મુળ શ્લોક સાથે ગુ. ટીકા.) ૨-૦-૦
૯ શ્રીમદ્ ભગવદ્ગીતા (તત્વદિપિકા અમૃતતરંગીણીના આશય સાથે ગુ. ટીકા) ૧-૮-૦
૧૦ શ્રી ગોવર્ધનનાથજીનું પ્રાગટ્ય. (આવૃત્તિ ૨ જી) ૦-૬-૦
૧૧ શ્રીષોડશ ગ્રન્થો સરળ ગુજરાતી ટીકા. (આવૃત્તિ ૨ જી) ૧-૪-૦
૧૨ શ્રીગુસાંઇજી કૃત વિજ્ઞપ્તિ ૦-૫-૦
૧૩ શ્રીગોકુલનાથજીનાં ૨૪ વચનામૃત (વ્રજભાષા) ૦-૫-૦
૧૪ શ્રીમદ્જી મહારાજ કૃત ૩૨ વચનામૃત (વ્રજભાષા) ૦-૬-૦
૧૫ નિત્યનિયમના ૨૪ પાઠ (મૂળ સંસ્કૃત) ૦-૬-૦
૧૬ ૮૪ વૈષ્ણવની વાર્તા (ગુજરાતી ભાષામાં મોટા અક્ષરથી) (આવૃત્તિ ૨ જી) ૨-૮-૦
૧૭ શ્રીયમુનાસ્તોત્ર રત્નાકર. ૦-૮-૦
૧૮ શ્રી સ્વરૂપ દર્શન (૧૪૦ ફોટાવાળું) (આવૃત્તિ ૪ થી) ૩-૦-૦
૧૯ કીર્તન સંગ્રહ ભા. ૧ લો. વર્ષોત્સવ કે કીર્તન (ઘણા મોટા અક્ષરથી) ૧૦-૦-૦
૨૦ શ્રીવલ્લભાખ્યાન મુળ પુરૂષ ગુજરાતી ૦-૧-૦
૨૧ શ્રીવલ્લભાખ્યાન મુળ પુરૂષ વ્રજભાષા ૦-૨-૦
૨૨ શ્રીયમુનાજીનાં ૪૦ પદ (વ્રજભાષા) ૦-૨-૦

૨૩ વનયાત્રાનું ધોળ.	૦–૧–૬
૨૪ શ્રીગિરિરાજભૂષણ ગ્રન્થ સટીક.	૦–૧૦–૦
૨૫ શ્રીગોકુલેશજીનું જીવનચરિત્ર (બે ભાગમાં, સંપૂર્ણ માળાપ્રસંગ સાથે.	૪–૦–૦
૨૬ તીર્થયાત્રાનોહેવાલ (આખા હિંદુસ્તાનમાં આવેલાં વૈષ્ણવ સંપ્રદાયનાં સઘળાં તીર્થોની સંપૂર્ણ માહીતીવાળું)	૩–૦–૦
૨૭ ભાવસિન્ધુ વ્રજભાષા.	૧–૪–૦
૨૮ નિજવાર્તા, ઘરૂવાર્તા, બેઠક ચરિત્ર. શ્રીમહાપ્રભુજી, શ્રી ગુસાંઇજી, શ્રીગોકુળનાથજી, શ્રીહરિરાયજી વગેરે બાળકોની બેઠકો સાથે.	૩–૮–૦
૨૯ શ્રી સર્વોત્તમ સ્તોત્ર સટીક	મફત.
૩૦ શ્રી પુરૂષોત્તમસહસ્રનામસ્તોત્ર મૂળ સંસ્કૃત.	૦ ૨–૦
૩૧ રાસપંચાધ્યાયી. શ્રી નંદદાસજીકૃત ગાવાના રાગમાં	૦–૨–૦
૩૨ શ્રીવલ્લભાષ્ટક સંસ્કૃત ટીકાના આધારે ગુજરાતી ભાષાન્તર, શ્રી ચતુઃશ્લોકી ગ્રન્થની ટીકા સાથે.	૦–૬–૦
૩૩ શ્રીઅષ્ટાક્ષરનિરૂપણ. અષ્ટાક્ષર મહામંત્ર તેના ઉપર શ્રીગુસાંઇજીની ટીકાના આધારે ગુજરાતી ભાષાન્તર	૦–૬–૦
૩૪ પંચામૃત.	૦–૮–૦

છપાય છે ! છપાય છે !

૩૫ બસેંબાવનવૈષ્ણવની વાર્તા. અનેક ટીપ્પણ, ટીકા, ફુટનોટ સાથે.	
૩૬ ષોડશ ગ્રન્થો. ઘણા મોટા અક્ષરથી	૦–૮–૦
૩૭ શ્રી ગિરિધરલાલજીનાં ૧૨૦ વચનામૃત.	૩–૦–૦

રીચીરોડ, પતાસાની પોળપાસે
નં. ૧૧૦, મેડા ઉપર
અમદાવાદ.

લલ્લુભાઇ છગનલાલ દેસાઇ,
વ્યવસ્થાપકઃ–"શ્રીભક્તિગ્રન્થમાળા"
કાર્યાલય.

श्रीमद्गोस्वामी महानुभावी श्रीहरिरायजी विरचित

॥ बडे शिक्षापत्र ॥

મુળ શ્લોક સાથે, શુદ્ધ અને સરળ ગુજરાતી ભાષામાં ટીકા.

આ ગ્રન્થ મુળ શ્લોક સાથે શબ્દાર્થ તથા વિસ્તૃત વિવેચન પૂર્વક શુદ્ધ ને સરળ ગુજરાતી ભાષામા તેમજ શ્રીમદ્ ભાગવત, ગીતા, શ્રુતિ, સ્મૃતિ, ષોડશ ગ્રન્થો, વિશ્રામી અને અન્ય પુરાણોના પ્રમાણો, દૃષ્ટાન્તો, સિદ્ધાન્તો સાથે ટીકા કરી ભક્તિમાર્ગનું સમર્થ પ્રતિપાદન કરી બતાવ્યું છે.

આવા પ્રકારની ટીકા શિક્ષાપત્ર ઉપર ગુજરાતી ભાષામાં અત્યાર સુધીમા થઇ નથી એવું ઉત્તમ પુસ્તક છે.

આ ગ્રન્થ રચી મહાનુભાવી શ્રી હરિરાયજીએ વૈષ્ણવોને ઉત્તમ પ્રકારનો બોધ, ભક્તિનું સ્વરૂપ, સેવાની ભાવના, શ્રી પૂર્ણ પુરૂષોત્તમ પ્રભુના સ્વરૂપનું જ્ઞાન-ભાવના, સેવા કેમ કરવી, સેવાના પ્રકાર, વિવેક, ધૈર્ય, આશ્રય, અનન્યતાની ભાવના (અન્યાશ્રયથી બચવાના ઉપાય) શરણ મન્ત્રની ભાવના, નિવેદન મન્ત્ર (બ્રહ્મ સમ્બન્ધની ભાવના, શ્રી ઠાકોરજીની કુંજ-નિકુંજાદિની, નિત્યલીલાની ભાવના, રાસલીલાની ભાવના વગેરે વૈષ્ણવોને ભક્તિમાર્ગ- પુષ્ટિમાર્ગમાં જે કંઇ જાણવાની સમજવાની જરૂર છે તે વગેરે સમજાવી આ પુસ્તકમાં તેનું દૃષ્ટાન્તો, સિદ્ધાન્તોથી નિરૂપણ કર્યું છે.

વળી ગ્રન્થકર્તા **શ્રી હરિરાયજી** મહાપ્રભુજી તથા તેમના ભાઇ **શ્રી ગોપેશ્વરજી** (કે જેમના માટે આ ગ્રન્થ રચાયો) તેમના સુન્દર ઉત્તમોત્તમ ફોટા પણ આપવામાં આવ્યા છે. મોટી સાઇઝનાં ૪૦૦ ઉપરાંત પૃષ્ટનું, મજબુત શુદ્ધ સ્વદેશી ખાદીનું પુઠું કરવામાં આવ્યું છે. (જેથી પુસ્તક ફાટવાની ધાસ્તી ભાગ્યેજ રહેશે) શ્રીઓએ તો ખાસ અવકાશના વખતમાં વાંચવા યોગ્ય છે. તથા નિત્ય નિયમપૂર્વક રાત્રે ભગવદ્વાર્તામાં વાંચવા માટે ઉપયોગી છે. છતાં ન્યોછાવર રૂ. ૪-૦-૦ ચાર રૂપીઆજ રાખ્યું છે.

([illegible] ગ્રન્થ ॥ [illegible]) [illegible] સાથે)

સટીક, ગુજરાતી ભાષામાં વિસ્તૃત વિવેચન પુર્વક કરેલુ શુદ્ધ ભાષાન્તર.

આ ગ્રન્થમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ રચેલાં શ્રી યમુનાષ્ટક આદિ [illegible] ગ્રન્થો [illegible] [illegible] વિસ્તૃત વિવેચન, તેમજ ભાગવત્ ગીતા, શ્રુતી, સ્મૃતિ, આદિ ગ્રન્થોના પ્રમાણો સાથે, અતિ ઉત્તમ પ્રકારે ટીકા કરવામાં આવી છે, વૈષ્ણવો હમેશાં ષોડશ ગ્રન્થનો પાઠ કરે છે. તથા આ ગ્રન્થ દરેક વૈષ્ણવ પુરૂષો તેમજ સ્ત્રીઓએ અવશ્ય ખાસ વાંચવા લાયક છે. [illegible] ભગવદ્વાર્તામાં પણ નિત્ય નિયમપૂર્વક વાંચવા માટે ખાસ ઉપયોગી છે. કીમત રૂ. ૧-૪-૦

શ્રીમદ્ ગોસ્વામી શ્રીગોકુલનાથજી(માળા પ્રસંગવાળા) વિરચીત

॥ भावसिन्धु ॥

આ ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઇજીના નિજ અંતરંગ કૃપાપાત્ર ભગવદિયો ૮૪ અને ૨૫૨ વૈષ્ણવો પૈકી મહાનુભાવી એવા માત્ર ૨૨ વૈષ્ણવોની વાર્તાના ભાવ શ્રીગોકુલેશજીએ આધુનિક જીવો ઉપર કૃપા કરી જણાવ્યા છે, હાલ ૮૪ અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તા આપણે વાંચીએ [illegible] તે વાર્તાઓ પણ આ શ્રીગોકુલેશજીએજ [illegible] કરી [illegible] વાર્તાઓમાં મુખ્ય અને જેના ભાવ અતિ શુદ્ધ છે, જેના [illegible] પરિસીમા નથી, જેઓ કોટિમાં વિરલા ગણાયા છે એવા ભગવદીઓની વાર્તાના ભાવ શ્રીગોકુલેશજીએ જણાવ્યા છે, તેનો સંગ્રહ આ પુસ્તકમાં આ[illegible] છે. તે ઉપરાંત કેટલીક શોધ કરી બીજી વધુ [illegible] આપી.

(अक्षर आ लाइन जेवाज मोटा अक्षरथी)

છપાવ્યું છે કે જેથી આ પુસ્તક દરેક વૈષ્ણવોએ અવશ્ય વાંચવા જેવું છે. ન્યોછાવર માત્ર રૂ. ૧-૪-૦ સવા રૂપીઓ.